**સુવિચાર**

''ઘરનાં મોભીનું સ્થાન ફોન પર લાગેલ ટફનગ્લાસ જેવું હોય છે. એ પોતે તૂટી જાય છે, પણ ઘરને બચાવી લે છે.''

:: સૌજન્ય ::

નિલકંઠ જવેલર્સ (લાઠીવાળા)
માણેકપરા, અમરેલી.
ફોન : ૦૨૭૯૨-૨૨૩૫૫૭



પાના ૦૮ : કિંમત રૂા. ૩.૦૦
તા. ૨૮/૦૬/૨૦૨૬, રવિવાર
ફોન : ૨૨૮૪૨૨
www.amreliexpress.com

સત્યમ શિવમ્ સુંદરમ્
AMRELI EXPRESS DAILY

R.N.I.NO.GUJGUJ/2001/11803
Postal Reg.No. AMR/217/2024-26
E-Mail : amreliexpress7@gmail.com

જિલ્લાનાં આમઆદમીનું અખબાર

# અમરેલી એક્સપ્રેસ

અમરેલી, લાઠી, લીલીયા, દામનગર, બાબરા, સાવરકુંડલા, ધારી, ચલાલા, બગસરા, ખાંભા, રાજુલા, જાફરાબાદ, ઉના, કુંકાવાવ, વડિયા, વીજપડી પંથકમાં બહોળો ફેલાવો ધરાવે છે.



ફરસાણ • ખમણ • મીઠાઈ
શિવ ફરસાણ (ધારીવાળા)
નારણ આર્કેડ, ભીડભંજન મહાદેવના મંદિરની સામે, લીલીયા રોડ, અમરેલી.



તંત્રી,પ્રકાશક,માલિક : મનોજ એચ. રૂપારેલીયા, કાર્યાલય : જીલ્લા મધ્યસ્થ બેન્ક પાછળ, અમરેલી : મુદ્રણ સ્થાન : આજકાલ પ્રિ.પ્રેસ રજપુતપરા, શેલ પેટ્રોલ પંપ પાછળ રાજકોટ ખાતેથી છપાવી અમરેલી એક્સપ્રેસ કાર્યાલયથી પ્રસિદ્ધ કર્યુ. : વિક્રમ સંવંત ૨૦૮૨ જેઠ સુદ-૧૪ વર્ષ : ૧૭ અંક : ૧૬૭


## મોટાભાગનાં તજજ્ઞો, વન્ય પ્રાણીપ્રેમીઓનું મંતવ્ય જોતા પ્રશ્ન ઉભો થયો

# સિંહોનો રહેણાંક વિસ્તાર સતત ઘટતા માનવ ઉપર હુમલાઓ વધ્યા ?

- એક તરફ સિંહોની સંખ્યામાં વધારો અને બીજી તરફ જંગલ વિસ્તારમાં સતત ઘટાડો ચિંતાજનક
- જંગલ નજીકનાં વિસ્તારમાં રિસોર્ટ, હોટલ, ગેરકાયદેસર બાંધકામોનો રાફડો ફાટતા સિંહોની અવરજવરમાં મુશ્કેલી
- આમ તો સિંહ કયારેય માનવ જીંદગી ઉપર હુમલો કરતા ન હોય થોડા દિવસોથી બનતી ઘટનાએ ચિંતા વધારી
- વન વિભાગે જંગલ વિસ્તાર વધારવા માટે નજીકની જમીનનું સંપાદન કરવું જરૂરી બન્યું છે



પ્રતિકાત્મક તસ્વીર



અમરેલી, તા. ૨૭

અમરેલી જિલ્લામાં છેલ્લા કેટલાક સમયથી માનવ પર સિંહના હુમલાની ઘટનાઓમાં ચિંતાજનક વધારો નોંધાઈ રહ્યો છે. છેલ્લા એક માસમાં પાંચ ઘટના બની છે. તેમાં ખાસ કરીને ખાંભાના ચતુરી ગામમાં ૬ વર્ષીય બાળકનું સિંહણના હુમલામાં મૃત્યુ અને ત્યારબાદ રાજુલા તાલુકાના વડ ગામમાં સિંહણ દ્વારા ખેડૂત મહિલા પર હુમલાની ઘટના બાદ સમગ્ર જિલ્લામાં ભયનું વાતાવરણ સર્જાયું છે. આ સતત વધી રહેલી ઘટનાઓ વચ્ચે એક મહત્વનો પ્રશ્ન ઊભો થયો છે કે શું ગીરના સિંહો માટે હવે જંગલનો વિસ્તાર અપૂરતો બની રહ્યો છે ?

તાજેતરમાં પ્રકાશિત થયેલા એક અહેવાલ મુજબ ગીર અને આસપાસના જંગલ વિસ્તારની વૈજ્ઞાનિક ક્ષમતા અંદાજે ૩૦૦ સિંહોને જ આશ્રય આપી શકે તેવી છે, જયારે વર્ષ ૨૦૨૫ની ગણતરી મુજબ ગીર સહિત સમગ્ર વિસ્તારમાં સિંહોની સંખ્યા ૮૯૧ સુધી પહોંચી ગઈ છે. એટલે કે સિંહોની વસતીમાં રેકોર્ડબ્રેક વધારો થયો છે, પરંતુ જંગલનો વિસ્તાર તે

અનુસંધાન પાના ૬ ઉપર


આધુનિક મશીનરી ધરાવતી એકમાત્ર અમરેલી જિલ્લાની દાંતની હોસ્પિટલ
અર્થ દાંતની હોસ્પિટલ
ડો. ભગીરથ બી. વાળા (B.D.S. ડેન્ટલ સર્જન)
જડબામાં સ્ક્રુ વડે ફિક્સ દાંત, ચોકઠાના નિષ્ણાંત
ઉપલબ્ધ સારવાર
- સડી ગયેલા દાંતને બચાવવાની સારવાર
- દાંતની બત્રીસી (બધા જ દાંતનું ચોકઠું)
- દાંત પર લગાવાતા કવર-કેપ (મેટલ તેમજ સીરામીક)
- દુઃખાવા વગર દાંત કાઢવાની સુવિધા
- નાના બાળકોના તમામ દાંત અને પેઢાની સારવાર
- ઓછા ખુલતા મોઢાની સારવાર
સરનામું : પહેલો માળ, રાજકમલ ચોક, ઠાકરથાળની સામે, અમરેલી મો. ૮૪૯૦૦ ૩૮૩૦૩



૨૨ કેરેટ હોલમાર્ક દાગીના નો ભાવ
1,31,600/- (૧૦ ગ્રામ)
રહેલ તા.૨૭/૦૬/૨૦૨૬ ના રોજ
હોલમાર્ક દાગીનાનો ભાવ જાણવા માટે વોટ્સઅપ ડીપી જોવો
63549 73131
બાલમુકુંદ જવેલર્સ પ્રા.લી.
એ-૧૯, ઇન્દીરા માર્કેટ, અમરેલી,
કસ્ટમર કેર નંબર : ૬૩૫૨૪ ૩૧૩૬૬


## એક તરફ 'સિંહ બચાવો' અને 'સિંહથી બચાવો' અભિયાન વચ્ચે

# હે રામ : અમરેલી જિલ્લામાં છેલ્લા ૨૪ કલાકમાં ૩ બાળસિંહનાં મોત થતાં સિંહોની સુરક્ષા જોખમમાં મુકાઈ

## ગીરમાં વનરાજનાં અસ્તિત્વ સામે નવા સવાલો, વન વિભાગ પર ઉઠયા સવાલ



અમરેલી, તા. ૨૭

અમરેલી જિલ્લામાં છેલ્લા એક મહિનાથી માનવ અને સિંહ વચ્ચે સંઘર્ષની ઘટનાઓ સતત વધી રહી છે. એક તરફ સિંહોના હુમલાઓને લઈને લોકોમાં ભય અને રોષ જોવા મળી રહ્યો છે, તો બીજી તરફ માત્ર ૨૪ કલાકના ગાળામાં ત્રણ અલગ–અલગ સ્થળોએ ત્રણ સિંહબાળના મોતના બનાવોથી વન વિભાગની કામગીરી અને સિંહ સંરક્ષણ અંગે ગંભીર પ્રશ્નો ઉભા થયા છે. 'સિંહ બચાવો' અને 'સિંહથી બચાવો' જેવી ચર્ચાઓ વચ્ચે ગીર વિસ્તારમાં બનેલી આ ઘટનાઓએ વન્યજીવ પ્રેમીઓ

અનુસંધાન પાના ૬ ઉપર


હાર્દિક અભિનંદન



શ્રી કલ્પેશભાઈ ખખ્ખર
પ્રમુખ : શહેર ભાજપ-બાબરા

બાબરા શહેર ભાજપના પ્રમુખ તરીકે આપની થયેલી વરણી બદલ હાર્દિક અભિનંદન તથા આપની ઉજ્જવળ કારકીર્દી માટે અનંત... અનંત... શુભકામનાઓ... આપના સશકત નેતૃત્વ, સંગઠન પ્રત્યેની નિષ્ઠા તેમજ જનસેવાના સંકલ્પથી બાબરા શહેર ભાજપ વધુમાં વધુ પ્રગતિના નવા શીખરો સર કરે તેવી હાર્દિક શુભેચ્છાઓ... પરમાત્મા આપને ઉર્જા ઉત્તમ સ્વાસ્થ્ય, દિર્ઘાયુષ્ય અને સતત સફળતા અર્પે એ જ પ્રાર્થના...

:: શુભેચ્છક ::
શ્રી પરેશભાઈ પોપટ (ઓમ ટ્રેડીંગ-માર્કેટયાર્ડ-બાબરા)
શ્રી નરેશભાઈ પોપટ (નાણભાઈ)
શ્રી નિલેષભાઈ પોપટ (એસ.પી. આંગડીયા-બાબરા)
મુ. બાબરા, જી. અમરેલી



( જુના દરેક રીપોર્ટ સાથે લઈને આવવા )
નામ નોંધાવવા માટે : (૦૨૭૯૨) ૨૩૧૧૧૨-૨૯૬૪૩૪
ડોકટર હાઉસ અમરેલી કાયમી કન્સલટન્ટ

| | |
|---|---|
| ડો. ડી.એમ. ઉનડકટ (M.D.) | ડો. રૂચિતા જેઠવા (M.D.) |
| ડો. આર.ડી. ઘોડાસરા (M.S.) | ડો. દ્રષ્ટિ પંડયા (બીપીટી ફીઝીયોથેરાપીસ્ટ) |

અનંતા હોસ્પિટલ, નિકોલ - અમદાવાદ - કાયમી કન્સલ્ટન્ટ
ડો. ઉત્સવ ઉનડકટ (ઈન્ટરવેન્શનલ કાર્ડિઓલોજીસ્ટ) મો. ૮૧૯૭૩ ૯૧૫૬૬
ડો. કોમલ વ્યાસ ઉનડકટ (ડી.એન.બી. – ગાયનેક, ઈન્ફર્ટીલીટી સ્પેશ્યાલીસ્ટ) મો. ૯૯૧૩૬ ૪૮૪૩૦



અપોલો હોસ્પિટલ્સ–અમદાવાદના સુપર સ્પેશ્યાલીસ્ટ દ્વારા ઓપીડી
અમરેલી માં...
Apollo HOSPITALS

| | |
|---|---|
| દર મહિનાના પહેલા બુધવારે સવારે ૧૧.૦૦ થી ૨.૦૦ સુધી | ડો. જતીન વખારિયા<br>કન્સલટન્ટ ઓર્થોપેડિક્સ અને જોઈન્ટ રિપ્લેસમેન્ટ સર્જન<br>MBBS, DNB (Orthopedics), D'Ortho, FIAS |
| દર મહિનાના બીજા શુક્રવારે સવારે ૧૧.૦૦ થી ૨.૦૦ સુધી | ડો. પાર્થ જોષી<br>MBBS, Dr NB ન્યુરોસર્જરી, એન્ડોવાસ્ક્યુલર અને વાસ્ક્યુલર ન્યુરોસર્જરીમાં ફેલોશિપ (મણિપાલ, બેંગ્લોર)<br>મિનિમલી ઈન્વેસિવ અને એન્ડોસ્કોપિક સ્પાઈન સર્જન |
| દર મહિનાના ત્રીજા શુક્રવારે સવારે ૧૧.૦૦ થી ૨.૦૦ સુધી | ડો. શ્રેયા બુટાલા<br>MD, DM Gastro (SGPGIMS),<br>Consultant Gastroenterologist and Hepatologist |
| દર મહિનાના ત્રીજા શુક્રવારે | ડો. પ્રિતિશ શાહ<br>એમબીબીએસ,એમડી (મેડિસિન), ડીઆરએનબી (નેફ્રોલોજી)<br>કન્સલટન્ટ નેફ્રોલોજિસ્ટ |

આસ્થા હોસ્પિટલ
લિલિયા રોડ, બી.એમ. ચોક, અમરેલી, ગુજરાત-૩૬૫ ૬૦૧
*અગાઉથી રજીસ્ટ્રેશન કરાવવું અને જુના રિપોર્ટ લાવવા જરૂરી છે.
રજીસ્ટ્રેશન માટે સંપર્ક કરો : +91 8238984000 & 7698815315
અપોલો હોસ્પિટલ, અમદાવાદ
પ્લોટ નં. ૧–એ, ભાટ, જી.આઈ.ડી.સી. એસ્ટેટ, એરપોર્ટ રોડ, અમદાવાદ – ગાંધીનગર. 8401801066

# જેને ઊંઘ આવે તે તો ગમે ત્યાં સુઈ જાય



આજની ભાગદોડભરી જીંદગીમાં સૌ કોઈ માટે ૭થી ૮ કલાકની ઊંઘ અતિ જરૂરી હોવાનું નિષ્ણાંતો માની રહ્યા છે. પરંતુ, મુડીવાદ, ધંધાકીય હરિફાઈ, સગા–સબંધીઓથી આગળ નીકળી જવાની દોડમાં સૌ કોઈ ઊંઘ વેરાન કરીને દોડાદોડી કરી રહ્યા છે. તો મોંઘાદાટ બેડની મલમલની પથારીમાં પડયા પછી ઘણાને ઊંઘ આવતી નથી. પરંતુ, જેને હરિફાઈમાં જોડાવું નથી, કાંઈ લઈ લેવુ નથી તે તો ગમે ત્યાં ઊંઘ ખેંચી લે. આવુ એક દ્રશ્ય અમરેલીનાં બસપોર્ટ સામેની ગલીમાં જોવા મળ્યું. જયાં એક વ્યકિત માર્ગ ઉપર ઊંઘતો કેમેરામાં કેદ થયો.

### જિલ્લાના દરિયાકાંઠે ઔદ્યોગિક વિકાસથી ધમધમતા

# કોવાયામાં યુવકનો ભોગ લેનારા ચારેય માનવભક્ષી ૪ સિંહોને કારાવાસ

## રીપોર્ટ પોઝિટીવ આવતા હવે કાયમી કેદમાં મોકલાશે




રાજુલા, તા. ૨૭

રાજુલા તાલુકાના કોવાયા ગામની સીમમાં થોડા દિવસ પહેલા એક પરપ્રાંતીય યુવક પર જીવલેણ હુમલો કરીને તેને ફાડી ખાવાની ઘટનામાં સંડોવાયેલ ચાર સિંહોને આખરે આજીવન કરાવાસની સજા સમાન નિર્ણય લેવામાં આવ્યો છે.

આ ઘટના બાદ વન વિભાગની ટીમે તાત્કાલિક કાર્યવાહી હાથ ધરી હુમલાખોર ચારેય સિંહોને પકડી પાંજરે પૂર્યા હતા. ત્યારબાદ ચારેય સિંહોના લોહી સહિતના જરૂરી સેમ્પલ તપાસ માટે મોકલવામાં આવ્યા હતા. પ્રાપ્ત થયેલા રિપોર્ટમાં ચારેય સિંહોમાં માનવભક્ષી વર્તન હોવાની પુષ્ટિ થતાં વન વિભાગે સરકારને સમગ્ર અહેવાલ મોકલ્યો હતો.

સરકાર તરફથી મળેલી સૂચનાઓ અનુસાર હવે આ ચારેય સિંહોને જંગલમાં પરત છોડવામાં નહી આવે. તેમને કાયમી ધોરણે જુનાગઢ ખાતે રાખવામાં આવશે. જયાં તેઓ જીવનભર કેદમાં રહેશે.

હાલમાં આ ચારેય સિંહો જાફરાબાદના બાબરકોટ એનિમલ કેર સેન્ટરમાં સુરક્ષિત રાખવામાં આવ્યા છે. અને સરકારની અંતિમ પ્રક્રિયા પૂર્ણ થયા બાદ તેમને જુનાગઢ ખાતે ખસેડવામાં આવશે. આ નિર્ણયને પગલે અમરેલી જિલ્લામાં માનવ–સિંહ સંઘર્ષને લઈને ફરી ચર્ચાઓ તેજ બની છે.

### યોગ્ય વ્યકિતને યોગ્ય જવાબદારી

# બાબરા શહેર ભાજપના પ્રમુખ તરીકે કલ્પેશભાઈ ખખ્ખરની વરણીને સર્વત્ર આવકાર

## સામાજિક, રાજકીય અને સેવાકીય ક્ષેત્રે સક્રિય વ્યકિતત્વને કમાન મળતા કાર્યકરોમાં ઉત્સાહ



બાબરા,તા. ૨૭

બાબરા શહેર ભાજપના પ્રમુખ તરીકે કલ્પેશભાઈ ખખ્ખરની થયેલી વરણીને શહેરભરમાં આવકાર અને અભિનંદનની લાગણી સાથે વધાવવામાં આવી રહી છે. વર્ષોથી ભારતીય જનતા પાર્ટીના સંગઠનમાં સમર્પિત કાર્યકર તરીકે વિવિધ જવાબદારીઓ નિભાવતા કલ્પેશભાઈ ખખ્ખરે પક્ષ પ્રત્યેની નિષ્ઠા, કાર્યશૈલી અને સંગઠન પ્રત્યેના સમર્પણથી પોતાની આગવી ઓળખ ઊભી કરી છે.

વ્યવસાયિક ક્ષેત્રે એક સફળ અને પ્રતિષ્ઠિત વેપારી તરીકે બાબરા શહેરમાં તેમની વિશિષ્ટ છાપ રહી છે. સામાજિક ક્ષેત્રે પણ તેઓ સતત સક્રિય રહ્યા છે અને લોહાણા મહાજનના ટ્રસ્ટી તરીકે સેવા આપી સમાજહિતના અનેક કાર્યોમાં મહત્વપૂર્ણ યોગદાન આપ્યું છે. સરળ, મિલનસાર અને સેને સાથે લઈને ચાલવાની તેમની કાર્યપદ્ધતિના કારણે તમામ સમાજો, સ્થાનિક સંસ્થાઓ, વેપારી વર્ગ, યુવાનો અને વિવિધ સંગઠનો સાથે તેમનો આત્મીય સંબંધ રહ્યો છે.


જિલ્લા ભાજપ દ્વારા શહેર ભાજપના પ્રમુખ તરીકે તેમની પસંદગી થતાં ભાજપ કાર્યકરોમાં નવા ઉત્સાહનો સંચાર થયો છે. વિવિધ સામાજિક, રાજકીય,વેપારી,ધાર્મિક અને સેવાકીય સંસ્થાઓના અગ્રણીઓએ તેમની નિમણૂકને આવકારી શુભેચ્છાઓ પાઠવી છે.શહેરના વિવિધ વર્ગોમાં એક જ ચર્ચા જોવા મળી રહી છે કે 'યોગ્ય વ્યક્તિને યોગ્ય જવાબદારી સોંપવામાં આવી છે.' સંગઠનના અનુભવી, સેવાભાવી અને સૌને સાથે રાખી કાર્ય કરવાની ક્ષમતા ધરાવતા નેતાને શહેર ભાજપની કમાન મળવાથી આગામી સમયમાં સંગઠન વધુ મજબૂત બનશે અને જનસેવાના કાર્યોને નવી દિશા મળશે તેવી આશા વ્યક્ત કરવામાં આવી રહી છે.શહેરના નાગરિકો, ભાજપના કાર્યકરો તેમજ વિવિધ સમાજોના આગેવાનોએ જિલ્લા ભાજપના નેતૃત્વ, ધારાસભ્ય અને સાંસદ દ્વારા લેવામાં આવેલા આ નિર્ણયને આવકારી અભિનંદન પાઠવ્યા હતા. સાથે જ કલ્પેશભાઈ ખખ્ખરના નેતૃત્વમાં બાબરા શહેર ભાજપ સંગઠન વધુ સશક્ત બની વિકાસલક્ષી અને જનહિતના કાર્યોમાં નવી ઊંચાઈઓ હાંસલ કરશે તેવો વિશ્વાસ પણ વ્યક્ત કર્યો હતો.

### કોમી એકતા સાથે

# વડિયાની મુખ્ય બજારમાં તાજીયાનું ઝુલુશ નીકળ્યું

## હિન્દુ યુવાનોએ આઈસ્ક્રીમ વિતરણ કર્યુ





વડિયા, તા. ૨૭

ભારત બિન સાંપ્રદાયિક રાષ્ટ્ર હોવાના નાતે વિવિધ જાતિ ધર્મના લોકો દેશમાં વસવાટ કરી પોતાના ધર્મના તહેવારો શાંતી પૂર્ણ મહોલમાં ઉજવે છે. ભારતમાં મુસ્લિમ ધર્મનો તહેવાર મોહરમનું પર્વ સમગ્ર દેશમાં મુસ્લિમ વસ્તી ધરાવતા એરિયાઓમાં ઉજવવામાં આવ્યો હતો.

જે અંતર્ગત અમરેલી જિલ્લાનાં છેવાડાના તાલુકા મથક એવા વડિયામાં વડિયા વિસ્તારના મુસ્લિમ ધર્મના લોકો દ્વારા પણ પવિત્ર મોહરમ પર્વની ઉજવણી કરાઈ હતી. આ પર્વમાં મુસ્લિમ ધર્મના મોલા ઈમામ હુસેનની શહાદત અને બલિદાનની યાદમાં ઉજવવામાં આવે છે. વડિયાના તાજીયા કમિટી અને મુસ્લિમ સમાજના લોકો દ્વારા બનાવેલ કલાત્મક તાજીયા મેદાનમાં મુકવામાં આવ્યા હતા. અને વિવિધ વિસ્તારોમાં સરબતની સબીલો કરેલ હતી. આ તાજીયા રાત્રીના સમયે લોકોએ જિયારત કરેલ હતી. જે આજ સાંજે વડિયાના હજરસા પીરની દરગાહથી આખા ગામમાં ફરી ત્રણ દરવાજે ધનડા કરવામાં આવ્યા વડિયાના વિવિધ વિસ્તારમાં સુની મુસ્લિમ સમાજ આસીકે એહલેબત કમિટી, શહીદે કરબલા કમિટી દ્વારા અલગ–અલગ કમિટી દ્વારા બનાવવામાં આવેલ થર્મોકોલ અને અન્ય વસ્તુઓમાંથી બનાવેલ દરગાહ અને મકબરાની ડિજાઈન લોકો માટે આકર્ષણનું કેન્દ્ર બની ગયું હતું જેને જોવા દુર દુરથી લોકો વડિયા ખાતે પોહચિયા હતા અને વડિયાના ગાંધી ચોક સ્થિત રામજી મંદિર પાસે સ્થાનિક હિન્દુ યુવાનો દ્વારા આઈસ્ક્રીમનું વિતરણ કરી કોમી એકતાનું ઉત્તમ ઉદાહરણ પુરૂ પાડયું હતું. અને વડિયામાં મોહરમ પર્વની ઉજવણીમાં કોમી એકતાના દ્રશ્યો જોવા મળ્યા હતા. તો કોઈ અનિચ્છનીય ઘટનાના બંને અને શાંતિ પૂર્ણ માહોલમાં તહેવારની ઉજવણી થાય તે માટે વડિયા પોલીસના ઈન્ચાર્જ પીઆઈ ગોહિલ દ્વારા ચુસ્ત પોલીસ બંદોબસ્ત ગોઠવવામાં આવ્યો હતો.

# દેવભૂમિ (દેવળીયા) પ્રાથમિક શાળામાં ચોપડાનું વિતરણ





અમરેલી, તા. ૨૭

દેવભૂમિ દેવળીયા ખાતે ભાવનાબેન ભરતભાઈ પરમાર તથા ભરતભાઈ હિંમતભાઈ પરમારના સુખાકારી જીવન અંતર્ગત તેમના સુપુત્ર નિકીભાઈ અને ( હેમંતભાઈ તેરૈયા પ્રેરણાસ્ત્રોત) દિપેનભાઈ ભરતભાઈ પરમારના વરદ હસ્તે અભ્યાસ કરતા બાલવાટિકાથી ધોરણ આઠ સુધીના તમામ બાળકોને ફુલસ્કેપના ચોપડાનું વિતરણ કરવામાં આવેલ તથા આ પ્રસંગે અમરેલી તાલુકા પંચાયત સદસ્ય શ્રીમતી ભાવનાબેન નાથાલાલ સુખડીયા પૂર્વ તાલુકા પંચાયત સદસ્ય ભાવેશભાઈ ગ્રામ આગેવાન વિપુલભાઈ તથા શાળાના આ. શિક્ષક અનિલ કુમાર એમ. વ્યાસ દ્વારા દાતા દીપેનભાઈ દ્વારા ફુલસ્કેપના ચોપડાનું વિતરણ કરવામાં આવેલ છે.

### અમરેલી જિલ્લામાં ફરી એક વખત

# રાજુલાનાં વડ ગામે સિંહણે હુમલો કરતાં મહિલાને સારવારમાં ખસેડાઈ

## એક મહિનામાં સિંહણનાં હુમલાની પાંચમી ઘટના





અમરેલી, તા. ૨૭

અમરેલી જિલ્લામાં વન્ય પશુ સિંહોના માનવ પરના હુમલાની ઘટનાઓમાં સતત વધારો નોંધાઈ રહ્યો છે. ખાંભા તાલુકાના ચતુરી ગામે બાળક પર જીવલેણ હુમલાની ઘટનાની શાહી હજુ સુકાઈ નથી. અને ત્યાં જ ગઈકાલે જ વનમંત્રીએ ખાત્રી આપ્યાની આઠ કલાક બાદ જ રાજુલા તાલુકાના વડ ગામની સીમમાં વધુ એક સિંહણના હુમલાની ઘટના સામે આવતા ગ્રામજનોમાં ભય અને જનાક્રોશ ફાટી નીકળ્યો છે.

આ બનાવમાં પ્રાપ્ત વિગતો અનુસાર, રાજુલા તાલુકાના વડ ગામના દિનેશભાઈ ડાભીયાની વાડીમાં ગઈકાલે સમી સાંજે એક સિંહણ આવી ચડી હતી. તે દરમિયાન વાડીમાં હાજર સમજુબેન સોલંકી નામની મહિલા ઉપર સિંહણે અચાનક હુમલો કરી તેમના પગના ભાગે ગંભીર ઈજાઓ પહોંચાડી હતી. હુમલા બાદ આસપાસના લોકો દોડી આવતા સિંહણ ત્યાંથી જંગલ તરફ ખસી ગઈ હતી.

ઈજાગ્રસ્ત સમજુબેન સોલંકીને તાત્કાલિક સારવાર માટે રાજુલા હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા, જયાં તેમની સારવાર ચાલી રહી છે. ઘટનાની જાણ થતાં જ વન વિભાગના અધિકારીઓ અને સ્ટાફ તાત્કાલિક ઘટના સ્થળે પહોંચી તપાસ હાથ ધરી હતી. હુમલાખોર સિંહણને ઓળખી તેને પાંજરે પુરવા માટે જરૂરી કાર્યવાહી શરૂ કરવામાં આવશે હોવાનું જાણવા મળ્યું છે.

ઉલ્લેખનીય છે કે છેલ્લા એક મહિનામાં અમરેલી જિલ્લામાં સિંહના હુમલાની આ પાંચમી ઘટના નોંધાતા ગ્રામ્ય વિસ્તારોમાં ભયનો માહોલ વ્યાપી ગયો છે. સતત બની રહેલી આવી ઘટનાઓને કારણે સ્થાનિક લોકોમાં ભારે રોષ જોવા મળી રહ્યો છે અને વન વિભાગ દ્વારા અસરકારક પગલાં ભરવાની માંગ ઉઠી છે.

### પત્રકાર સંઘ દ્વારા જનજાગૃતિ અભિયાન હાથ ધરવામાં આવ્યું

# ધારીમાં શંખનાદ : અમરેલીથી વિસાવદર મિશન બ્રોડગેજ અંતર્ગત મહાપુરૂષોનાં સ્ટેચ્યુને હારતોરા કરાયા

## નબાપરાનાં લોકોનું જબ્બરૂ સમર્થન : જનજાગૃતિ સભાનું આમંત્રણ આપ્યુ





અમરેલી, તા. ૨૭

અમરેલીથી વિસાવદર સુધી બ્રોડગેજ સુવિધાની વ્યાજબી માંગ સાથે ધારી પત્રકાર સંઘ દ્વારા જનજાગૃતિ અભિયાન હાથ ધરવામાં આવેલ. લાખો લોકોનું સપનું સાકાર થાય એ માટે ધારી પત્રકાર સંઘ દ્વારા ગાંધી ચિંધ્યા માર્ગે અભિયાન અંતર્ગત વધુ એક જનજાગૃતિ કાર્યક્રમ યોજાયો. આ કાર્યક્રમ મુજબ આજે સવારે ૧૦ કલાકે મહારાજા સયાજીરાવ ગાયકવાડના સ્ટેચ્યુને જળસ્નાન કરાવી હારતોરા સાથે શંખનાદ કરવામાં આવેલ.

આ સાથે જ સંવિધાનના ઘડવૈયા ડો. બાબાસાહેબ આંબેડકરની પ્રતિમાને તેમજ લોખંડી પુરૂષ સરદાર વલ્લભભાઈ પટેલની પ્રતિમાને ફુલહાર કરવામાં આવેલ હતું. આ કાર્યક્રમમાં સામાજિક આગેવાન હરેશભાઈ મકવાણા, નગરપાલિકા સદસ્ય બાલાભાઈ વાડદોરીયા, ગૌતમભાઈ દાફડા, જીતુભાઈ જયસ્વાલ, બજરંગ ગ્રુપના પ્રમુખ પરેશભાઈ પટ્ટણી સહિત જાગૃત નાગરિકોએ મોટી સંખ્યામાં હાજરી આપી હતી.


ઉલ્લેખનીય છે કે, નબાપરા વિસ્તારમાં આવેલ સરદાર વલ્લભભાઈ પટેલના સ્ટેચ્યુ ખાતે ૫૦ જેટલા સ્થાનિક નાગરિકોએ હાજરી આપી હતી અને આ મિશનને સમર્થન આપીને નબાપરા ખાતે જનજાગૃતિ કાર્યક્રમ યોજવાનું આમંત્રણ આપેલ હતુ. જે અંગે કાર્યક્રમની રૂપરેખા ઘડી ધારી પત્રકાર સંઘ આગામી દિવસોમાં જાહેરાત કરશે.


ધારી પત્રકાર સંઘ દ્વારા જનજાગૃતિ અભિયાન કાર્યક્રમમાં નગરપાલિકા સદસ્ય બાલાભાઈ વાડદોરીયાએ હાજરી આપી હતી અને આ બિનરાજકીય મિશનને સંપુર્ણ વ્યાજબી ગણાવેલ હતું. આ સાથે જ તેઓએ માંગ કરી છે અમરેલીથી વિસાવદર સુધી બ્રોડગેજ સુવિધા મંજુર કરવામાં આવે તો વેપાર અને વહેવાર બન્ને માટે મોટા શહેરો સાથે કનેકટીવીટી મળશે. ખાસ કરીને ધારી, ચલાલા, વિસાવદર વિસ્તારના હજારો લોકો સુરત, અમદાવાદ સાથે કનેકટીવીટી ઈચ્છી રહ્યા છે.


ગીર વિસ્તારના વિકાસ માટે બ્રોડગેજ સુવિધા ખુબ જરૂરી છે. ખાસ કરીને ધારી, ચલાલા, વિસાવદર આસપાસ આવેલા ધાર્મિક સ્થળોની મુલાકાતે પ્રવાસીઓ પણ વધુ ઉમટશે. જેથી જનતાને ઉપયોગી બ્રોડગેજ સુવિધા વ્હેલામાં વ્હેલીતકે આપવામાં આવે તેવી માંગ ધારી નગરપાલિકાના સદસ્ય બાલાભાઈ વાડદોરીયાએ કરી હતી.

અમરેલીથી વિસાવદર સુધી બ્રોડગેજ સુવિધાની વ્યાજબી માંગ સાથે ધારી પત્રકાર સંઘની સાથે ખંભેખંભો મિલાવી હંમેશા દરેક જનજાગૃતિ અભિયાનમાં હાજરી આપનાર હરેશભાઈ મકવાણાએ જણાવ્યું હતું કે, આંબરડી સફારી પાર્ક, ગળધરા ખોડીયાર મંદિર, તુલસીશ્યામ ગીર, સતાધાર, પરબધામ જેવા ધાર્મિક સ્થળોએ દેશભરના પ્રવાસીઓ ચોક્કસ પણે પધારશે. સાથે જ બ્રોડગેજ સુવિધાનો લાખો લોકો જયારે ભરપુર લાભ ઉઠાવશે ત્યારે હાઈવેટ્રાફિક અને હાઈવે અકસ્માતની ઘટનાઓમાં પણ ઘટાડો આવશે. અમરેલી જીલ્લાના લાખો લોકો અત્યારે મોટા શહેરો સાથે કનેકટીવીટી ધરાવતા નથી પરંતુ જો અમરેલીથી વિસાવદર સુધી બ્રોડગેજ સુવિધા મંજુર કરવામાં આવે તો વેપાર ઉદ્યોગને પણ વેગ મળશે તેવી આશા વ્યકત કરી હતી.

# અમરેલીમાં ૧૦મી મહોરમે તાજીયા ઠંડા કરાયા, ગમ-એ-હુસૈનમાં શહેર શોકમગ્ન બન્યું









અમરેલી શહેરમાં ૧૦મી મહોરમ નિમિત્તે શુક્રવારે ગમ અને અકિદતના માહોલ વચ્ચે ઈમામ હુસૈન (અ.સ.) અને કરબલાના શહીદોની યાદમાં તાજીયા ઠંડા કરવામાં આવ્યા હતા. શહેરના વિવિધ વિસ્તારોમાં નાના–મોટા મળી અંદાજે સો જેટલા તાજીયાઓનું નિર્માણ કરવામાં આવ્યું હતું, જેમાં મોટી સંખ્યામાં લોકોએ શ્રદ્ધાભાવથી ભાગ લીધો હતો. શુક્રવારની રાત્રે ઈમામ હુસૈન (અ.સ.)ની શહાદતને યાદ કરી આંખોમાં આંસુઓ સાથે ગમ–એ–હુસૈન મનાવ્યો હતો. અનેક લોકોએ એકબીજાને ગળે મળી માફી માગી ભાઈચારાનો સંદેશ આપ્યો હતો. ૧૦મી મહોરમ ઈમામ હુસૈન (અ.સ.)ની શહાદતનો દિવસ હોવાથી શ્રધ્ધાળુઓએ હુલવાન, ચોકારો તથા અન્ય પરંપરાગત રીતે માતમ કરી ઈમામ પ્રત્યેની પોતાની મહોબ્બત અને અકિદત વ્યકત કરી હતી મહોરમ દરમિયાન શહેરના વિવિધ વિસ્તારોમાં લાઈટ ડેકોરેશન, શબીલો, વાએઝ, ન્યાઝ સહિતના ધાર્મિક કાર્યક્રમોનું આયોજન કરવામાં આવ્યું હતું, જેમાં મોટી સંખ્યામાં લોકોએ હાજરી આપી હતી. અમરેલી શહેરના બહારપરા, કસ્બાવાડ, ચાંદની ચોક સહિતના વિસ્તારોમાં તાજીયાઓ માતમના માહોલ વચ્ચે રાખવામાં આવ્યા હતા. ઉપરાંત મીની કસ્બા, સંધી સોસાયટી સહિત અન્ય વિસ્તારોમાંથી પણ તાજીયાઓ બનાવવામાં આવ્યા હતા. શુક્રવારે તમામ તાજીયાઓ ઠંડા કરવામાં આવતા મહોરમ પર્વની વિધિવત પૂર્ણાહુતિ થઈ હતી.

# ચિત્તલ જિલ્લા પંચાયત બેઠકનાં ભાજપનાં ઉમેદવાર વિજેતા થતાં મતદારો માટે આભાર દર્શન કાર્યક્રમ યોજાયો



તાજેતરમાં રાજયમાં સ્થાનિક સ્વરાજની ચૂંટણીઓ સફળતાપૂર્વક પૂર્ણ થઈ હતી. લોકશાહીના આ મહાપર્વમાં અમરેલી જિલ્લા પંચાયતની ચિતલ બેઠક હેઠળ આવતા ૧૧ગામોના મતદારોએ ઉત્સાહભેર મતદાન કરી પોતાના પ્રતિનિધિઓની પસંદગી કરી હતી. મતદારો દ્વારા દર્શાવવામાં આવેલા વિશ્વાસ અને સમર્થન બદલ ચિતલ ખાતે આભાર દર્શન કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. ચિતલના દેસાઈ કોટેક્ષ ખાતે યોજાયેલા આ કાર્યક્રમમાં ગુજરાત રાજયના કાયદા અને ઉર્જામંત્રી કૌશિકભાઈ વેકરીયા તથા ચિતલ જિલ્લા અને તાલુકા પંચાયતની બેઠકોના ઈનચાર્જ તરીકે મહત્વપૂર્ણ જવાબદારી સંભાળનાર અગ્રણી ઉદ્યોગપતિ જયસુખભાઈ દેસાઈ દ્વારા તમામ ૧૧ ગામોના મતદારોનો હૃદયપૂર્વક આભાર વ્યક્ત કરવામાં આવ્યો હતો. પ્રજાહિતને સર્વોપરી માની વિકાસને લોકભાગીદારી સાથે જોડવાના અભિગમ માટે જાણીતા કૌશિકભાઈ વેકરીયાએ આ પ્રસંગે મતદારોના વિશ્વાસને વિકાસના સંકલ્પમાં પરિવર્તિત કરવાની પ્રતિબદ્ધતા વ્યક્ત કરી હતી. તેમણે જણાવ્યું હતું કે જનતાએ વ્યક્ત કરેલો વિશ્વાસ વિસ્તારના સર્વાંગી વિકાસ માટે વધુ જવાબદારી અને પ્રેરણા પૂરી પાડે છે. કાર્યક્રમ દરમિયાન ૧૧ ગામોના સરપંચઓ, ચૂંટાયેલા જનપ્રતિનિધિઓ , રાજકીય અને સામાજિક આગેવાનો દ્વારા પણ મતદારોનો આભાર વ્યક્ત કરવામાં આવ્યો હતો. ઉપસ્થિત આગેવાનોએ લોકશાહીના આ પર્વમાં મતદારો દ્વારા આપવામાં આવેલા સહયોગને વિકાસના નવા અધ્યાયની શરૂઆત ગણાવ્યો હતો. આ પ્રસંગે લાઠી-બાબરા વિસ્તારના ધારાસભ્ય જનકભાઈ તળાવિયા, અમરેલી જિલ્લા પંચાયતના પૂર્વ પ્રમુખ સુરેશભાઈ પાથર, તાલુકા પંચાયત પ્રમુખ નિકુંજભાઈ સાવલિયા, અમરેલી જિલ્લા વિશ્વહિન્દુ પરિષદના પ્રમુખ વિજયભાઈ દેસાઈ, ગુરૂકુલ સ્વામી મદનમોહન, દિનેશભાઈ ભુવા, લાલજીભાઈ દેસાઈ, કાળુભાઈ ધામી, નગરપાલિકા પ્રમુખ સંદીપભાઈ માંગરોળિયા, જિલ્લા પંચાયત સભ્ય વિલાસબેન દેસાઈ તથા તાલુકા પંચાયત સભ્ય કાજલબેન તેરૈયા, અરવિંદભાઈ કાકડીયા, સુખદેવસિંહ સરવૈયા, પત્રકાર હર્ષદભાઈ ત્રિવેદી, રઘુવીરસિંહ સરવૈયા, મુકેશભાઈ ખોખરીયા, હિતેશભાઈ કલકાણી, અશોકભાઈ રામોલીયા, મહેશભાઈ ભાયાણી, જયેશભાઈ નાકરાણી, શિવમ વિદ્યા સંકુલના સંચાલક રમેશભાઈ માંગરોળીયા, મોતીભાઈ કાનાણી, ચેતનભાઈ ધાનાણી, ભરતભાઈ દેસાઈ, મનસુખભાઈ નાડોદા, રાજુભાઈ ધાનાણી, સંજયભાઈ વાળા, હસુભાઈ ધાનાણી, શંકરભાઈ પટેલ, મનસુખભાઈ માંગરોળીયા, લાલજીભાઈ માંગરોળીયા, ગણપતભાઈ સેંજલીયા, કાળુભાઈ વાળા, પ્રવિણભાઈ ડાભી, રવજીભાઈ મોજ, કેશુભાઈ ધાનાણી, સુરેશભાઈ કુંભાણી, પ્રવિણભાઈ તેરવાડીયા, સુરજભાઈ પરમાર, દેવેનભાઈ ધાંધલ, ભુપતભાઈ હપાણી, કૃષ્ણસિંહ સરવૈયા, નરૂભાઈ પંડયા, રણજીતભાઈ વાળા, ઝાલાભાઈ, અરવિંદભાઈ મેશીયા, રમેશભાઈ સોરઠીયા, ચંદુભાઈ બુંધેલીયા, વિઠ્ઠલભાઈ ગજેરા, રાજુભાઈ કાબરીયા, વિનુભાઈ દેસાઈ, નરેશભાઈ સાકરીયા, શાંતિભાઈ પાલડીયા, વિપુલભાઈ જોશી, ચંદુભાઈ પોલરા, એન.ડી. પરમાર, મુનાભાઈ મહાદેવ, ઘનશ્યામભાઈ માંગરોળીયા, જયેશભાઈ ભીમાણી, મુકેશભાઈ લીંબાશીયા, ધનજીભાઈ પાનેલીયા, શરદભાઈ લાખાણી, પ્રતિકભાઈ દાવડા, ઉપેન્દ્રભાઈ રાઠોડ, નીતીનભાઈ દેસાઈ, દિપાભાઈ લીંબાશીયા, નીતીનભાઈ દાવડા, રામભાઈ સાનેપરા સહિતના આગેવાનો તેમજ કાર્યકરો ઉપસ્થિત રહ્યા હતા.

### એસ.પી.ની સુચનાથી સ્થાનિક પોલીસની કામગીરી

## લાઠીનાં ભુરખિયા ગામે ધાર્મિક વિધિનાં નામે છેતરપીંડી કરનાર ૨ ઈસમો ઝડપાયા

### રૂપિયા ૭૫ હજારનો મુદ્દામાલ કબ્જે કરાયો



અમરેલી, તા. ૨૭

અમરેલી એલ.સી.બી. પોલીસ ઈન્સ સી.પી. વાઘેલાની રાહબરી હેઠળ એલ.બી. ટીમ દ્વારા લાઠી પોલિસ સ્ટેશનના છેતરપિંડી અને વિસઘાતના ગુનામાં સંડોવાયેલ અજાણ્યા આરોપી અંગે સઘન તપાસ કરવામાં આવેલ હોય. આ ગુનાના ફરિયાદીની પુછપરછ કરી, આરોપીના વર્ણન અંગે માહિતી મેળવી, આરોપીને પકડી પાડવાના સઘન પ્રયાસો દરમ્યાન બાતમી હકિકત તેમજ ટેકનીકલ સોર્સ આધારે બે ઈસમોને પકડી પાડી, પકડાયેલ ઈસમો પાસેથી રોકડ રકમ તથા સોનાની વીંટી તથા વાહન સહિતનો મુદ્દામાલ કબ્જે કરી, પકડાયેલ આરોપીઓ તથા મુદ્દામાલ આગળની કાર્યવાહી થવા લાઠી પોલીસ સ્ટેશનમા સોંપી આપેલ છે.

આ બનાવમાં તા. ૨૨ ના રોજ આશરે કલાક ૧૧ વાગ્યાના સમયે પકડાયેલ જસદણ ગામે વિછીંયા રોડ, શિવનગરમાં રહેતા નામના આરોપી દિપકનાથ નારણનાથ ધાંધુ તથા રોહીતનાથ ભગવાનનાથ ધાંધુ બન્ને ઈસમો મોટર સાયકલ લઈને લાઠી તાલુકાના ભુરખીયા ગામે રહેતા મગનભાઈ નારાયણભાઈ કોટડીયાના રહેણાંક મકાને પાણી પીવાના બહાને ગયેલ અને ત્યાં એક વ્યકિત મીની ટ્રેકટર લઈ તેમની પત્ની સાથે ઘરના ડેલા પાસે શેરીમાં ઉભા હોય તેમને સરધાર રામાપીરની જગ્યાએથી આવેલ હોવાનું કહી પાડરશીંગા ગામે રામાપીરની જગ્યાએ જવાનો રસ્તો પુછેલ અને પાણી પીવડાવવાનું કહેલ અને પાણી પીધેલ. ત્યાર બાદ બન્નેએ આ ઘરમાં રહેલ વ્યકિતને કહેલ કે તમારા દિકરાના લગ્ન થયેલ ત્યારે કોઈએ તમારા પરિવાર ઉપર મેલુ નાખેલ છે, જેના લીધે તમારો ધંધો સેટ થતો નથી, વિધિ કરવી પડશે એમ કહેતા તે વ્યકિતએ વિધિ કરવાની હા પાડતા તેની પાસે વિધિ કરવા માટે રોકડ રૂપિયા ૨૦,૦૦૦ તથા એક સોનાની વીંટી મંગાવેલ અને એક કલાક વિધિ કરી બાદમાં રોકડ તથા વીંટી લઈ બન્ને જતા રહેલ હોય જે અંગે લાઠી પોલીસમાં ફરિયાદ નોંધાવેલ હોય. આ બનાવના બંને આરોપીઓને રોકડા રૂપિયા ૨૦,૦૦૦ તથા એક સોનાની વીંટી વજન ૨.૪૧ ગ્રામ કિંમત રૂપિયા ૩૦,૦૦૦ તથા એક મોટર સાયકલ જેના નં. જી.જે.-૦૩ કે.બી.-૭૯૧૯ કિંમત રૂા. ૨૫,૦૦૦ મળી કુલ કિંમત રૂપિયા ૭૫,૦૦૦ના મુદ્દામાલ સાથે ઝડપી પાડી ધોરણસર કાર્યવાહી હાથ ધરેલ છે.

## અમરેલી ડીસ્ટ્રીક ચેમ્બર ઓફ કોમર્સના કાર્યકારી અધ્યક્ષની જન્મ દિનની ઉજવણી કરાય



અમરેલી, તા. ૨૭

અમરેલી ડીસ્ટ્રીક ચેમ્બર ઓફ કોમર્સના કાર્યકારી અધ્યક્ષ હરેશભાઈ સાદરાણીને તેમના ૫૯માં જન્મદિવસે ખૂબ ખૂબ શુભેચ્છા પાઠવવામાં આવી કેક કાપીને તેમના જન્મ દિવસની ઉજવણી કરવામાં આવી હતી.

અમરેલી ડીસ્ટ્રીક ચેમ્બર ઓફ કોમર્સના સભ્યો દ્વારા શુભેચ્છા પાઠવી હતી તે સમયે જેમાં ડીસ્ટ્રીક ચેમ્બર ઓફ કોમર્સના પ્રમુખ ચતુરભાઈ અકબરી તેમજ સભ્યો ગીરીશભાઈ ભટ્ટ, બાબુભાઈ કાબરીયા, મજબૂત સિંહ બસીયા, જીલુભાઈ વાળા, સંજયભાઈ રામાણી, યોગેશભાઈ કોટેચા, લાલભાઈ ગઢીયા, યોગેશભાઈ ગણાત્રા, હાર્દિકભાઈ સેજપાલ, અંકુરભાઈ સેદાણી, લાલભાઈ સાદરાણી તેમજ ડીસ્ટ્રીક ચેમ્બરના સભ્યોએ જન્મદિવસની ખૂબ ખૂબ શુભેચ્છા આપી ભગવાન શ્રીજી બાવા તેમને લાંબુ અને સુખરૂપ આયુષ્ય આપે તેવી પ્રાર્થના કરી હતી.

### અનાજ કરિયાણા રીટેઈલ મરચન્ટ એસોસીએશન દ્વારા

## અમરેલીનાં વેપારીઓએ ગરમીની મોસમમાં ''એકવાટિક વોટર પાર્ક''ની મુલાકાત લીધી

### ૭૦ જેટલા વેપારીઓએ પ્રવાસનો લાભ લીધો



અમરેલી, તા. ૨૭

અમરેલી જેતપુર પાસે '' એકવાટીક વોટર પાર્ક''માં સભ્યોને લઈ જવાનું આયોજન કરવામાં આવ્યું. જેમાં ૭૦ સભ્યોએ આ પ્રવાસનો લાભ લીધો. જેમાં પ્રવાસમાં આવનાર સભ્યોને ફકત રૂા. ૪૦૦માં લઈ જવાનું નકકી કરવામાં આવ્યું. વોટર પાર્કની ફી રૂા. ૭૦૦ છે જેમાં બપોરનું ભોજન તેમજ સાંજનો નાસ્તો તેમજ કોસ્ચ્યુટસ તથા લોકરની સુવિધા આપવામાં આવેલ તેમજ સવારનો નાસ્તો એસોસીએશન તરફથી રાખવામાં આવેલ. એક સભ્ય દીઠ રૂા. ૯૫૦નો ખર્ચ કરવામાં આવ્યો. વધારાનો ખર્ચ એસોસીએશનના ફંડમાંથી વાપરવામાં આવ્યા.

આ આયોજનમાં એસોસીએશનના પ્રમુખ ચતુરભાઈ અકબરી, ઉપપ્રમુખ ગીરીશભાઈ ભટ્ટ, ઉપપ્રમુખ બાબુભાઈ કાબરીયા, મંત્રી હરેશભાઈ સાદરાણી, પ્રવાસ મંત્રી નિખીલભાઈ મહેતા, મંત્રી લાલભાઈ વણજારા, પ્રવાસ મંત્રી મનીષભાઈ ભાટીયા, ખજાનચી હસુભાઈ ભાટીયા, સંગઠન મંત્રી કનુભાઈ ગણાત્રા તથા સુનીલભાઈ વિઠલાણી તેમજ હોદેદારો મુકુંદભાઈ ગઢીયા, લાલભાઈ ગઢીયા, દિનેશભાઈ ભુવા, યોગેશભાઈ ગણાત્રા તેમજ તમામ કારોબારી સભ્યોએ જહેમત ઉઠાવી પ્રવાસનું સુંદર આયોજન કર્યુ અને પ્રવાસમાં આવેલ સભ્યોને ખુબ જ આનંદ આવ્યો તેમજ કાર્યક્રમ સફળ બનાવ્યો.


ભારતમાં સૌથી સારો મેડીકલેઇમ
મેડીકલેઇમ લેતી વખતે જો તમોને
(૧) ડાયાબીટીસ (૨) હાયપર ટેન્શન (B.P.) (૩) અસ્થમા (૪) કોલેસ્ટ્રોલ
જેવી ઉપરની ચાર બીમારી હોય તો તમો અમારો સંપર્ક કરો કારણ કે આ ચારેય બીમારીઓમાં પણ અમારા મેડીકલેઇમમાં ફકત-૩૦ દિવસ પછી સારવારનો ખર્ચ મળશે.
કેશલેશની સગવડ
સંપર્ક : પાર્થ ઇન્વેસ્ટમેન્ટ
જય કોમ્પ્લેક્ષ, ગાંધીબાગ પાસે, અમરેલી.
અશ્વિનભાઇ પંડયા મો. ૯૪૨૬૯ ૬૩૬૧૧ | પાર્થ પંડયા મો. ૮૪૬૦૫ ૫૦૬૬૦

જય માં ગાત્રાડ આઈ એસ્ટેટ બ્રોકર
અમરેલીના કોઈપણ વિસ્તારમાં પ્લોટ-મકાન-દુકાન કે ઓફિસ ભાડે દેવા કે લેવા ખરીદવા કે વેચવા માટે મળો...
અનિલસિંહ જનવાર : Mo.94268 31241

Jaydeep Rayththa
Mo. 98980 52364
PRIME PROPERTY
Sell • Purchase • Lease
Commercial • Residential • Plotting
Member of
RPCA
NATIONAL ASSOCIATION OF REALTORS - INDIA
413, Star Plaza, Phulchhab Chowk, Rajkot
+91 98980 52364 / 93770 03636
Jaydeep Rayththa1983@Gmail.Com

ટ્રસ્ટ, NGO, સ્કૂલ, માટે ખાસ
નવા ટ્રસ્ટ બનાવવા, ચેરીટી કમીશ્નરમાં નોંધણી કરાવવી ઓડીટ કરાવવા, મંદિર, મસ્જિદ, ગૌશાળા, હોસ્ટેલ, સ્કૂલ વગેરેના એકાઉન્ટ કરી આપવામાં આવશે.
ઈન્કમ ટેકસના સર્ટિફીકેટ, 12AB,80G, ઈન્કમ ટેકસના રીટર્ન વગેરે...
જુના બંધ પડેલા ટ્રસ્ટમાં વાર્ષિક હિસાબો, અન્ય રેકર્ડ વગેરે વ્યકિતગત કરી આપવામાં આવશે.
વેપારી એકાઉન્ટ, GST રીટર્ન, પાનકાર્ડ વગેરે કરી આપાવામાં આવશે.
શ્રીનાથજી કોમ્પ્યુટર્સ
૪૦,પહેલા માળે, ફિરદબાગ શો. સેન્ટર, માર્કેટયાર્ડ રોડ, અમરેલી
ભરત બી. પારેખ - ૯૪૨૮૩ ૪૦૯૩૪

અંગ્રેજી ન્યુઝ પેપર
The Indian EXPRESS
શેર બજારનું ગુજરાતી ન્યુઝ પેપર
ફાયનાન્સિયલ એક્સપ્રેસ
આપના ઘરે શરૂ કરવા માટે સંપર્ક કરો
પ્રકાશભાઈ ચંદારાણા
મો. ૯૬૩૮૫ ૩૦૪૫૦

આપણો સમાજ
એજ્યુકેશન કન્સલ્ટન્સી
ધોરણ 10 અને 12 પછી થતા ઉત્તમ કારકિર્દી ધરાવતા અભ્યાક્રમો
BSC NURSING | ANM NURSING
MSC NURSING | GNM NURSING
PBBSC NURSING | BHMS / BAMS
B.C.A., B.A., P.T.C., B.ed.
તેમજ ધોરણ 10 અને 12 માં NIOS બોર્ડની વ્યવસ્થા
SC/ST વિદ્યાર્થીઓને 100% સરકાર માન્ય સંપૂર્ણ સ્કોલરશીપ મળવાપાત્ર
Nikunj Chauhan 81414 55245
Bhavesh Vegda 93271 22692
:: એડ્રેસ ::
પ્રથમ માળ, આકાર કોમ્પ્લેક્ષ, નાના બસ સ્ટેન્ડ, નાગનાથ મંદિર પાસે, અમરેલી - ૩૬૫૬૦૧















સન્ડે સ્વીટ્સ
અમરેલી એક્સપ્રેસ
તા.૨૮-૦૬-૨૦૨૬


# જુમકા ગીરા રે, બરેલી કે બાજાર મે.. જુમકા ગીરા રે. જુમકા ગીરા.. હાય આપ કે પહલું મે આકર. રો દિયે. દાસ્તાને ગમ. સુનાકર. રો દિયે.. આપ નૈનો વાલી ને, હાએ મેરા દિલ લુટા. ભોલી ભાલિ ને હાએ મેરા દિલ લુટા

ફિલ્મી સફર
(એક ઈતિહાસ)
હિતેશ જોશી : ૯૪૨૭૨ ૩૦૫૦૬

**પ્રકરણ.૨૯૧ -૧૯૬૬**

**પ્રિય વાચક મિત્રો,**

આગામી સપ્તાહમાં સ્ત્રીના સતીત્વનો પવિત્ર તહેવાર વડ સાવિત્રી પુનમ આવી રહ્યો છે. સ્ત્રીના સતીત્વમાં એટલી શકિત છે કે તે તેના પતિને યમરાજ પાસેથી પણ પરત લાવી શકે છે, તેવી સત્યવાન અને સાવિત્રીની કથા છે. આજની ફિલ્મમાં પણ એક નારી તેના પતિને તે તેની જ પત્ની છે તે ચિલ્લાઈ ચિલ્લાઈને કોર્ટમાં કહે છે, પણ તેનો પતિ તેને તેની પત્નીની બહુરૂપી જ માને છે, કારણ તેની પત્ની તેની સામે જ મૃત્યુ પામેલ છે, પણ તેના જેવી જ એક યુવતી કહે છે કે તે તેની પત્ની છે, પણ પતિ માનવા તૈયાર નથી. પણ એક ભારતીય આદર્શ નારી પોતાના સતીત્વના સહારે આ ચક્ર વ્યુહમાંથી બહાર નીકળી જાય છે. આવી કહાનીની આજની ૧૯૬૬ના વર્ષની ત્રીજા નંબરની સુપર હિટ ફિલ્મ છે, મેરા સાયા.


કોઈપણ ફિલ્મને તાર્કિક રૂપે લેવી જોઈએ નહીં, પણ રાજ ખોસલાના નિર્દેશનમાં કોઈ કમી નથી, પણ અમુક વાત જરા ગળે ઉતારવામાં તકલીફ થાય છે, જેમ કે, કોઈપણ યુવક કે યુવતી પોતાના સામાન્ય ભૂતકાળ અને તેના કુટુંબ વિષે થોડી ઘણી માહિતી મેળવીને જ લગ્ન કરતાં હોય છે, અહી નાયક નાયિકા વિષે કઈ જાણતો નથી અને લગ્ન બંધેને જોડાય છે, નાયિકા અંતે જે સત્ય પતિને કહે છે તે કોર્ટના કેશ સમયે બન્ને એકબીજાને એકાંતમાં મળે છે, ત્યારે આવી કઠિન અને પોતાના લગ્ન જીવન બરબાદ થવા પર છે ત્યારે તે સત્ય હકીકત કેમ કેહતી નથી ? તો ડાકુ પ્રેમ નાયકને સાચો સંદેશ કેમ આપતો નથી, આવા વિચારો ફિલ્મ જોયા બાદ આવી શકે તેમ છે, પણ ફિલ્મને માત્રને માત્ર




એક મનોરંજનના માધ્યમથી જોવાની જ મજા છે. અહી રાજ ખોસલાનું નિર્દેશન ખૂબ જ સરસ છે, ખાસ કોર્ટ ડ્રામાના લીધે ફિલ્મમાં સસ્પેન્સ અને રોમાંચ ઉદભવે છે. રાજ ખોસલાની નિર્દેશક રૂપે આ વર્ષે આ બીજી સુપર હિટ ફિલ્મ રહી, અને બન્ને ફિલ્મોના નિર્દેશન અને કથામાં ખૂબ મોટો તફાવત છે, દો બદન એક સવેદનશીલ ફિલ્મ હતી, અને મેરા સાયાએ સસ્પેન્સ, ક્રાઈમ ફિલ્મ રહી. સાધના સાથે લગાતાર રાજ ખોસલાની આ ત્રીજી સુપર હિટ ફિલ્મ બની, આ ફિલ્મથી સાધનાને મિસ્ટ્રી ગર્લનું ઉપનામ પણ મળ્યું. ફિલ્મ વો કોન થી ? ના કલાકાર અહી પણ રિપીટ કરાયા છે, જેમ કે સાધના, પ્રેમ ચોપડા, ધુમાલ, કે એન સિંગ અને સંગીત કાર અને ગીત કાર મદન મોહન અને રાજા મહેંદી અલી ખાન. ફિલ્મમાં કહાની જી આર કામથની, પ્રેમજીનું નિર્માણ અને સુનિલ દત, સાધના (ડબલ રોલ), અનવર હુસેન, કે એન સિંગ, ધુમાલ, મુકરી, મનમોહન, જગદીશ સેઠી, કુમુદ, તિવારી અને પ્રેમ ચોપડાએ કામ કર્યુ છે, જાણીતા કોરીઓ ગ્રાફર સરોજ ખાન અહી જુમકા ગીરા રે ગીતમાં દેખાય છે, અને ફિલ્મમાં તેઓ સહાયક કોરીઓ ગ્રાફર છે.

આ ફિલ્મના ગીત જુમકા ગીરાની રચના માટે હરિવંશ રાય બચ્ચન અને તેજી બચ્ચનની પ્રેમ કહાની છે. વાત એમ હતી કે, હરિવંશ રાય અને રાજા મહેંદી અલી બન્ને ખાસ મિત્રો હતા, બરેલીમાં પ્રકાશ જોહરીને ત્યાં કવિ સમેલનમાં બન્ને ગયા અને ત્યાં હરિવંશ રાયની મુલાકાત લાહોરથી આવેલ તેજી સાથે થઈ, આ પ્રથમ મુલાકાત પ્રેમમાં પરિણમી, પણ બન્ને તે બાબતની ચોખવટ કરતાં ના હતા, તે સમય હતો ૧૯૪૦નો રાજા મહેંદી અલી ખાન ત્યારબાદ તેજીને મળ્યા અને હરિવંશ રાય બાબત પૂછયું તો તેમણે કહ્યું કે "મારૂ જુમકું એટલે કે દિલતો બરેલીમાં જ ગુમ થયું હતું." જુમકા ગીરા રે બરેલી મે, અને ત્યારબાદ રાજા મહેંદી અલીના સહયોગથી તેજી અને હરિવંશ રાય નજીક આવ્યા, અને તેમના લગ્ન ૧૯૪૨માં થયા. પણ રાજા મહેંદી અલી ખાનને તેજીના શબ્દો યાદ રહી ગયા, અને ૧૯૬૬ની ફિલ્મ મેરા સાયામાં આ શબ્દોને લઈ ગીત બન્યું, આ ગીતથી બરેલી શહેર પ્રખ્યાત થયું, આજે પણ બરેલીમાં જુમકા ચોક નામની જગ્યા છે, મેરા સાયા ફિલ્મનું શૂટિંગ ઉદેપુરના મહેલોમાં પણ થયું હતું.

ફિલ્મની કહાની એવી છે કે, સુનિલ એક અમીર પરિવારથી છે અને વકીલ છે, તે વકીલાતના ઉચ્ચ અભ્યાસ માટે વિદેશ જાય છે, સુનિલના લગ્ન ત્રણ વર્ષ પહેલા ગીતા (સાધના) સાથે થયા છે, જે એક પ્રેમ લગ્ન છે, સુનિલ તેની પત્નીને ખુબ જ ચાહે છે, તેની પત્ની પણ સુનિલને ખૂબ પ્રેમ આપી રહી છે, પણ સુનિલના વિદેશ ગયા બાદ ગીતા એક દિવસ બીમાર પડી જાય છે, સુનિલને તાત્કાલિક વિદેશથી પરત બોલાવાય છે, સુનિલ આવ્યા બાદ ગીતા એક શબ્દ બોલ્યા વગર તેની બાહોમાં અંતિમશ્વાસ લઈ દુનિયા છોડી દે છે. સુનિલને અત્યંત દુખ થાય છે, તે પોતાને સમાજથી અલગ કરી ગીતાના વિચારોમાં મગ્ન થઈ જાય છે, તેવામાં ઈન્સ્પેકટર અનવર ત્યાં આવે છે અને કહે છે કે એક યુવતી તમારી પત્ની છે તેવો દાવો કરી રહી છે. અને કહે છે કે તે ડાકુના ગીરોહ સાથે પકડાયેલ એક યુવતી સાધનાને પણ તેઓ પકડી લાવ્યા છે, જે બિલકુલ સુનિલની મૃત પત્ની ગીતા જેવી જ લાગે છે, સાથે તે દાવો કરે છે કે તે જ સુનિલની પત્ની છે. સુનિલ તેને મળે છે પણ સુનિલ તેને પત્ની રૂપે સ્વીકારવા તૈયાર નથી. અને કહે છે કે આ ડાકુના ગીરોહની યુવતી છે, જેની પર ખૂની હુમલા જેવા બનાવની ફરિયાદ છે તેવી યુવતી છે, જે તેની પત્ની બની આ ગુનહાથી બચવા માંગે છે, કહી તેને સ્વીકારતો નથી. વાત કોર્ટ સુધી પહોચે છે, કોર્ટમાં સાધના એવા પારિવારિક અને સુનિલના અંગ પરના તલ સહિતના પુરાવા રજૂ કરે છે, જેથી સુનિલ અને કોર્ટના જજ પણ વિચંબિત થઈ જાય છે. હવે સુનિલ તે કેશ લડવા વકીલ બની આવે છે, અને તેનું મંગળ સૂત્ર બાબતની ચર્ચા કરે છે,




પણ સુનિલને સાધના ત્યાં પણ મહાત કરે છે. ગીતા એક ડાયરી રોજ લખતી હતી, તે ડાયરી તેના ઘરમાંથી ગાયબ છે, સાથે ઘરના નોકરથી સુનિલને ખબર પડે છે કે તેના વિદેશ ગયા બાદ ઘરમાં ચોર આવ્યા હતા, અને કોઈ ચીજની ચોરી કરી ના હતી. સુનિલને વિશ્વાસ આવી જાય છે કે, સાધનાના ડાકુ આએ આ ડાયરી ચોરી છે અને તેથી જ સાધના આટલી માહિતી ગીતા વિષે જાણે છે. આ બાબત તે કોર્ટમાં રજૂ કરે છે, અને સાધના તે ડાયરી કયાં છે ? તે કહી શકતી નથી. તે પાગલ થઈ જાય છે અને સુનિલ કેશ જીતી જાય છે. સાધનાને પાગલના દવાખાનામાં ડો મનમોહન પાસે મોકલી દેવાય છે.

બીજી તરફ સાધનાની તમામ કોર્ટથી લઈ પાગલ ખાનાની માહિતી ડાકુ પ્રેમ પાસે છે, તે સાધનાને બચાવવા શહેર આવે છે, પણ પોલીસને પ્રેમ શહેરમાં છે તે ખબર પડી જાય છે, અને સુનિલના ઘર આસપાસ તેનો પહેરો વધારી આપે છે. સુનિલના ઘરે એક રાતે સાધના આવે છે, અને સુનિલને કહે છે કે, તે તેની પત્ની છે, જે યુવતી તેની બાહોમાં મૃત્યુ પામી તે તેની જુડવા બહેન હતી. સુનિલના વિદેશ ગયા બાદ ગીતાને ત્યાં તેની બહેન બીમાર હાલતમાં આવે છે, તે બેહોશ જેવી સ્તિથિમાં છે, ગીતા તેના કપડાં અને મંગળ સૂત્ર તેને પહેરાવી તેના માટે દવા લેવા જાય છે, કારણ ઘરના કોઈ સભ્યને ગીતાની જુડવા બહેન છે અને તે ડાકુ છે તે ખબર ના હતી, અને ગીતા તે જાહેર કરવા પણ માંગતી ના હતી, તેથી બન્ને એક સરખી લાગતી હોય, તેની જગ્યાએ તેની બહેનને ઘરમાં મૂકી તે દવા લેવા જાય છે, પણ રસ્તામાં તેનું અપહરણ ડાકુ પ્રેમ કરી લે છે. સુનિલ અને ઘરના લોકો તેની બહેનને મૃત્યુ પામેલ જાણી ગીતાનું મૃત્યુ થયું છે તેમ માની લીધું છે, તેવી વાત તે સુનિલને કહે છે, પણ સુનિલ તેની વાત માનવા તૈયાર નથી. તે સમયે ડાકુ પ્રેમ ત્યાં આવી જાય છે, અને પોલીસની ગોળીથી ઘાયલ થાય છે, પણ તે મરતા પહેલા સાચી વાત સુનિલને કહે છે કે, સાધના જ ગીતા છે, તે જ તેની પત્ની છે, અને જેની સમાધિ સુનિલે બનાવી છે તે ગીતાની બહેન અને પ્રેમની પત્ની સાધના હતી. અંતે સુનિલ અને ગીતા એક થાય છે. ફિલ્મ સસ્પેન્સ છે, અને ક્રાઈમ મિસ્ટ્રીથી દર્શકોને બાંધી રાખે છે, ખાસ કોર્ટ ડ્રામા અને સાધના અને સુનિલ દતના લાજવાબ અભિનય દર્શકોને જકડી રાખે છે. ફિલ્મનું બજેટ આશરે ૮૦ લાખ અને નફો ૨.૨૫ કરોડનો થયો હતો.

ફિલ્મની સફળતામાં મદન મોહનના મધુર અને યાદગાર સંગીત, રાજા મહેંદી અલી ખાનના હદય સ્પર્શી ગીત અને રફી સાહેબ, લતાજી અને આશાજીના મધુર કંઠનો મુખ્ય ફાળો રહ્યો હતો. રાગ ભીમ પલાસી પર આધારિત, લતાજીના સ્વરમાં નૈનો મે બદરા છાએ, બીજલી સી ચમકે હાએ, ઐસે મે બલમ મોહે ગરવા લગા લે, અને તું જહાં જહાં ચલેગાં મેરા સાયા સાથ હોંગા .. આજે પણ યાદગાર લતાજીના ગીતો પૈકીના છે. તો આશાજીના સ્વરમાં, જુમકા ગીરા રે, બરેલી કે બાજાર મે .. ગીત આશાજીના ગીતોમાં કલગી સમાન છે, રફી સાહેબની તો વાત જ અલગ છે, આપ કે પહલું મે આકર રો દિયે, દાસ્તાને ગમ સુનાકર રો દિયે .. દર્દ ભર્યું ગીત યાદગાર છે. લતાજી અને સુનિલ દતના સ્વરમાં નૈનો વાલી ને ..પણ સાંભળવું ગમે છે. આ ફિલ્મને બેસ્ટ સાઉન્ડ માટે ફિલ્મ ફેર એવાર્ડ પ્રાપ્ત થયો હતો. આગામી અંકમાં રાજેન્દ્ર કુમારની વર્ષની બીજા નંબરની સુપર હિટ ફિલ્મ સાથે મળીશું. આભાર હિતેશ જોશી .૨૮-૬-૨૬

# || "જિન મરે સે જગ ડરે, ઉસમે મુઝે આનંદ" - કબીર ||

## સુખી અને સાર્થક જીવનનું રહસ્ય



ડો. ધીરજકુમાર વ્યાસ
મો. ૯૪૨૭૨ ૪૪૨૫૧ (એડવોકેટ)
બગસરા

ટોસ્ટોલ્ય રોજનીશી લખતા હતા. પોતાના મનોવ્યાપારો પણ કંઈપણ છૂપાવ્યા વગર લખતા હતા. સોફિયા માટે આ ડાયરી સાઘાત આપનારી હતી. કોઈપણ પુરૂષ લગ્ન પહેલા પોતાના નૈતિક ગુનાઓની કબુલાત કરે તે સ્ત્રી માટે સ્વીકારવું અશકય છે. જે પુરૂષ જુગાર રમ્યો દારૂ પીધો કે સૈનિક હતો. એટલે હત્યાઓ પણ કરી હોય જો કે રશિયામાં અપકૃત્યો સામાન્ય ગણાતા હતા ભદ્ર સમાજમાં પણ અન્ય સ્ત્રીઓ સાથે સંબંધો રાખનારા પણ હતા. સોફીયા એ લગ્નજીવનની શરૂઆત કરવાની હતી. સોફિયા ડાયરી વાંચતા રડતી હતી. કોઈપણ સ્ત્રી માટે આવા કૃત્યો અસહય હતા. પરંતુ સોફીયા આખરે સમજુતી કરી કે ગમે તેવો પણ તે પ્રમાણીક છે ટોલ્સ્ટોય સવારે મળવા આવ્યા ત્યારે પ્રથમ વાકય બોલ્યા આપણે પતિ-પત્ની બનવા જઈ રહ્યા છીએ ત્યારે આપણી વચ્ચે ભુતકાળની કોઈ વાત ખાનગી ન રહેવી જોઈએ. મેં મારૂ જે કહેવાનું હતું. તે બધુ જ કહી દીધુ છે. સોફિયાએ કહયું આ નોટબુકો મને શા માટે આપી ? આ મારો ભૂતકાળ છે આપણે હવે આવતી કાલ રચવી છે. તું મારી સાથે હોઈશ તો આપણે એ શકય બતાવીશું. શું તું મને માફ નહિ કરે ? સોફિયાએ આ પરિસ્થિતિ સંભાળી લીધી. નિર્ધારિત સમયે પછી લગ્ન ગઈ ગયા. અને ઘરે આવ્યા ટોલ્સ્ટોયનાં દાદાએ નેપોલિયન સામે યુધ્ધમાં ભાગ લીધો હતો અને કેદી બન્યા હતા. બે વરસના કારાવાસ પછી નેપોલિયનનો પરાજય થતા એમને મૂકિત મળી હતી. રશિયાના સમ્રાટ ઝાર તરફથી એમને પુષ્કળ માન સન્માન જમીન – જાગીર મળ્યા હતા. ટોલ્સટોયે છેલ્લે સેવા સ્ટોપોલનું યુધ્ધ થયું. તેમાં ભાગ લીધો હતો. આ યુધ્ધની ભૂમિકા ઉપરથી "વોર એન્ડ પીસ" નવલકથા લખાઈ છે આ દિવસોમાં ટોલ્સ્ટોયે પોતાના મિત્ર કવિ ફેટને લખ્યુ મારી પત્ની સોફીયાને હું સૌથી વધારે ચાહું છું. મને લાગે છે કે સોફિયાને પ્રેમ કર્યા વિનાનાં મારા ૩૪ વરસ નકામાં ગયા. (પૃ. ૭૬ વ.સ. મે-૧૫) હવે જિંદગીના ચોપડામાં સરવાળો બાદબાકી કરો તો સમજાશે કે જે ટોલ્સ્ટોય ૩૪ વરસે સોફિયાને સૌથી વધુ ચાહુ છું. કહેનારો ૮૨ વરસે સોફિયાને ખબર ન પડે તેમ ઘરને ગુપચુપ ભાગી જાય છે. ભાગી જવુ શબ્દ મને યોગ્ય લાગે છે. વળી સોફિયાને મળવા પણ નથી માગતા.

વાંચકોને વધુ જાણવું કે રસ હોય તો ડો. દિનકર જોષીએ લખેલ ટોલ્સ્ટોય વિશેની નવલકથા જરૂર વાંચે આ તો તો પરિસ્થિતિની ઝલક માત્ર બતાવી છે કે આપણી જિંદગી કેવી છે ? શ્રી કલાપી પોતાની પત્ની રમાબાને ચાહતા હતા. તેમન પ્રેમપત્રોનું પુસ્તક વાંચવા જેવુ છે. એ રમા બા, અને બે પત્ની સાથેના સંબંધોમાં આખરે કરૂણ રસની કવિતા બની કલાપીની ગઝલોમાં જીવન વિશેનું ચિંતન પ્રગટ થાય છે.

"હું જાઉં છું હું જાઉં છું.. ત્યાં આવશો કોઈ નહિ.. ઓ, ઓ, દિવાલો બાંધતા ત્યાં ફાવશો કોઈ નહિ."

સંવેદનશીલ રાજવી કવિની ગઝલો વાંચવા જેવી છે. જીવન વિશેનું ચિંતન જોવા મળે છે.

મહાપુરૂષોના અંતરંગ જીવનની વાત કરીએ છીએ ત્યારે દુનિયાનો સૌથી ડાહ્યો માણસ સોક્રેટિસ યાદ આવે છે. કોર્ટે સોક્રેટિસને પૂછયું હતું કે તમે દુનિયાના સૌથી ડાહયા માણસ છો ? ત્યારે સોક્રેટિસે કહ્યું હતું કે મને ખબર નથી. પણ લોકો વાતો કરે છે. સોક્રેટિસના પત્ની ઝેન્થીયી વિશે આપણે સૌ જાણીએ છીએ. તેઓને ઝંઘડાળું કંકાસીયા સ્વભાવને સોક્રેટિસે સહન કર્યો હતો. અબ્રાહમ લિંકન એક ઉમદા માણસ તરીકે ઓળખે છે. અમેરિકાના રાષ્ટ્ર પ્રમુખ તરીકે તેમજ ગુલામોને મુકત કરવાના તેમના નિર્ણયને માટે સૌ યાદ કરે છે. તેમની જીવનકથાના લેખકે લખ્યું છે કે આ મહાન માણસને થીયેટરમાં ગોળી મારી હત્યા કરવામાં આવી હતી. પરંતુ માનનીય આ પ્રમુખના આત્માની હત્યા વારંવાર અપમાનથી થઈ હતી. કોફી, ટી માટે ભેગા થયેલા મિત્રો વચ્ચે પત્નીએ પ્રમુખને કોફીના કોફીના કપનો ઘા કર્યો હતો. અને બીજા ઘણા શબ્દોથી અપમાન કરતા હતા. મહાપુરૂષોના જીવનનો ઈતિહાસ વાંચીએ તો આવા સેકડો દષ્ટાંતો જોવા મળે છે. આમાંથી શીખવાનું મળે છે કે શાંત સ્વભાવ મહાનશીલતા, ધીરજ જેવા ગુણોએ આવા પુરૂષોએ જીવનને સુંદર બનાવ્યુ છે. આપણું જીવન એક ગીત છે તેના રચિયતા આપણે છીએ. આપણે ઈચ્છીએ તેવું ગીત ન ગવાય તો ન લખાય સુંદર બનાવવા પ્રયત્નો કરવા જોઈએ. આ પ્રયત્નો કરવા એ જીવનની સાચી સાર્થકતા છે. ગીતના સુરોને મધુર કરવા પ્રયત્ન કરવો જોઈએ. એ પ્રયત્નોમાં ઈશ્વર આપણને સાથ આપે છે.

# શરીરનું સ્વાસ્થ્ય અને ખિસ્સાનું બજેટઃ ૧ જુલાઈ "ડોક્ટર્સ ડે અને CA ડે"



સૂત્રધાર
ડો. અમિતકુમાર રસિકલાલ મહેતા
મો. ૯૮૪૪૮ ૯૦૦૫૯ અમરેલી

આવતા અઠવાડિયે ૧ જુલાઈના રોજ આપણા દેશમાં એક બહુ અદભુત અને વિચારવા જેવો સંયોગ બની રહ્યો છે. આ એક જ દિવસે આખો દેશ 'નેશનલ ડોકટર્સ ડે' પણ ઉજવશે અને ' ચાર્ટર્ડ એકાઉન્ટન્ટસ ડે' (CA Day) પણ ઉજવશે. જરા નિરાંતે બેસીને વિચારો સાહેબ, કુદરતે પણ કેવો સરસ તાલમેલ ગોઠવ્યો છે ! માણસની જિંદગીને હેમખેમ ચલાવવા માટે જે બે સ્તંભો સૌથી વધુ અનિવાર્ય છે, તે બંનેના સન્માનનો દિવસ એક જ છે. એક એવો જાદુગર છે જે આપણા શરીરની નસો પકડીને આયુષ્યનું આયોજન કરે છે (ડોકટર), અને બીજો એવો કલાકાર છે જે આપણા ખિસ્સાની નસો પકડીને આપણી કમાણીનું સરવૈયું સાચવે છે (CA).

જો આ બેમાંથી એક પણ લથડે, તો સામાન્ય મધ્યમવર્ગીય માણસનું આખું જીવન પાટા પરથી ઉતરી જાય છે. શરીરનું સ્વાસ્થ્ય બગડે તો હોસ્પિટલના ખાટલા પર આખી કમાણી ઓગળી જાય છે, અને જો ખિસ્સાનું બજેટ કે ટેકસનું આયોજન બગડે તો કાયદાકીય ગૂંચવણો માણસનું લોહી પી જાય છે. આજના આ સાંપ્રત સમયમાં, આ બંને વ્યવસાયોનું આપણા અસ્તિત્વમાં શું મહત્વ છે અને તેની પાછળ છુપાયેલી વાસ્તવિકતા શું છે, તેનું એક ગંભીર ઓડિટ કરવાનો આ સાચો સમય છે.

એક ધબકારા સાચવે છે, બીજો બેલેન્સ શીટ ! પ્રાચીન સમયથી આપણા વડીલો કહેતા આવ્યા છે કે "પહેલું સુખ તે જાતે નર્યા." આ સૂત્રને જમીન પર સાર્થક કરનાર વ્યકિત એટલે ડોકટર. જયારે મહામારીનો માહોલ હોય કે મધ્યરાત્રિએ ઘરમાં કોઈ વ્હાલું પાત્ર માંદગીના બિછાને પડયું હોય, ત્યારે ડોકટરના ચહેરા પરનો એક નાનકડો આશ્વાસનનો ભાવ પણ ઈશ્વરની હાજરી સમાન લાગે છે. મેડિકલ સાયન્સ માત્ર દવા નથી આપતું, એ માણસને જીવવાનો ભરોસો આપે છે.

બરાબર એ જ રીતે, આધુનિક અર્થતંત્રના યુગમાં બીજું મોટું સુખ એટલે "નાણાકીય સ્થિરતા." માણસ ગમે તેટલી મહેનત કરીને સેલરી મેળવે કે બિઝનેસ કરે, પણ જો એનું પ્રોપર બજેટિંગ ન થાય, તો મહેનતનો મોટો હિસ્સો ટેક્સના કૂવામાં હોમાઈ જાય છે. આ સમયે ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ (CA) એક દીવાદાંડીની જેમ કામ કરે છે. એ માત્ર ટેક્સ રિટર્ન નથી ભરતો, પણ મધ્યમ વર્ગના માણસની કાયદેસરની બચતો (SIP) અને ભવિષ્યના રોકાણોનું એવું પાકું સ્ટ્રકચર તૈયાર કરે છે કે જેથીએના પરિવારની આર્થિક નૌકા કયારેય ડૂબે નહીં. વ્યવસ્થા (System) ગમે તેટલા કડક નિયંત્રણો (Controls) લાવે, પણ જો




તમારી પાસે એક સારો CA હોય તો તમારો આર્થિક પાયો સલામત રહે છે, અને જો એક સારો ફેમિલી ડોકટર હોય તો તમારો શારીરિક પાયો અડીખમ રહે છે. આ બંને પ્રોફેશનલ્સ આપણા સમાજના અદ્રશ્ય ગાર્ડિયન એન્જલ્સ છે.

પ્રગતિના ભપકા વચ્ચે ઓગળતી સાહજિકતા પરંતુ સાહિત્યિક દ્રષ્ટિએ આ સિક્કાની બીજી બાજુ પણ જોવી પડે તેમ છે. આજે આપણે ચોથી ઔદ્યોગિક ક્રાંતિ અને ડિજિટલ યુગ તરફ અતિ ઝડપે દોડી રહ્યા છીએ. હોસ્પિટલો હાઈ-ટેક કોર્પોરેટ મોલ જેવી બની ગઈ છે અને નાણાકીય આયોજનો પણ અલ્ગોરિધમ પર ચાલવા માંડયા છે. આ ભૌતિકવાદી આંધળી દોડમાં કયાંકને કયાંક એ જૂની સાહજિકતા અને આત્મીયતા ઓગળી રહી છે.

પેલા દિવસો યાદ કરો જયારે ગામડામાં કે નાના ટાઉનમાં ડોકટર માત્ર નાડ પકડીને, માથે હાથ મૂકીને અડધી બીમારી ગાયબ કરી દેતા; એ સંબંધોમાં વ્યાપાર નહોતો, વ્હાલ હતું. આજે દર્દી ડોકટર પાસે જાય ત્યારે સાજો થવાના આત્મવિશ્વાસ કરતાં લેબોરેટરીના ટેસ્ટ અને ફાઈનલ બિલના આંકડા જોઈને એના ધબકારા વધી જાય છે. એવું જ કંઈક નાણાકીય વ્યવહારોમાં પણ થયું છે, જયાં સંબંધો પણ હવે 'ડેબિટ-ક્રેડિટ' અને નફા-નુકસાનના ત્રાજવે તોલાવા લાગ્યા છે. બોલિવૂડની ફિલ્મો કે સોશિયલ મીડિયા આપણને ભલે ગમે તેટલી ઝાકઝમાળ બતાવે, પણ જો વ્યાવસાયિક પવિત્રતા અને નૈતિક મૂલ્યો ન સચવાય, તો સમાજનું નૈતિક બજેટ ખોરવાઈ જાય છે.

**જિંદગીના આ બે રક્ષકોના દિવસે આપણા જીવનને સુધારવાના ૪ સૂત્રો :**

**૧. શરીરનું રોજિંદું ઓડિટ :** તમારી કમાણીના સરવાળા ગમે તેટલા મોટા હોય, પણ જો લિવર કે હૃદયનું બેલેન્સ બગડશે તો બધું શૂન્ય થઈ જશે. દરરોજ અડધો કલાક પોતાના સ્વાસ્થ્ય, સાદગી અને મનની શાંતિ માટે ફાળવો. હેલ્થ ઈન્સ્યોરન્સ એ માત્ર આર્થિક કવચ છે, સાચું કવચ આપણી જીવનશૈલી છે.

**૨. નાણાકીય વિવેક અને બચત :** જેમ અજાણતા લેવાતી ખોટી દવા શરીરને નુકસાન કરે છે, તેમ વગર વિચારે કરેલા આંધળા ખર્ચાઓ આખા પરિવારનું ભવિષ્ય રોળી નાખે છે. તમારા સીએ (CA)ની સલાહ માનીને કમાણીનો એક હિસ્સો લોંગ-ટર્મ પ્લાનિંગમાં અચૂક રોકો જેથી કટોકટીના સમયે કોઈની સામે હાથ લાંબો ન કરવો પડે.

**૩. માનવીય સંવેદનાનું રોકાણ :** જો તમે પોતે ડોકટર કે સીએ જેવા કોઈ પણ જવાબદાર હોદા પર હોવ, તો યાદ રાખજો કે તમારી સામે આવેલો માણસ માત્ર એક ' કલાયન્ટ' કે 'દર્દી' નથી, પણ એક આખો પરિવાર છે. તમારા વ્યવસાયમાંથોડીક આત્મીયતા ઉમેરશો તો એ પુણ્ય કયારેય એળે નહીં જાય.

**૪. કૃતજ્ઞતાનો પરમ ભાવ :** આ ૧ જુલાઈએ આપણા ફેમિલી ડોકટર અને આપણા ટેકસ કન્સલ્ટન્ટ કે સીએને માત્ર એક ઔપચારિક 'મેસેજ' મોકલવાને બદલે દિલથી આભાર માનજો કે, 'સાહેબ, તમારી કલમ અને તમારા પ્રિસ્ક્રિપ્શનના કારણે માઢં ઘર અને મારો વહેવાર શાંતિથી ચાલી રહ્યા છે.'

જિંદગી બહુ ટૂંકી છે સાહેબ, એમાં હોસ્પિટલના રિપોર્ટો અને આઈટીઆર (ITR)ના ફોર્મ તો વર્ષોવર્ષ બદલાતા રહેશે. પણ ખરી અમીરાત એ જ ગણાશે કે જયારે તમારૂં શરીર પણ તંદુરસ્ત હોય અને તમારૂં ખિસ્સું પણ સંતોષથી ભરેલું હોય.

છેલ્લે, આ અનોખા સંગમ પર આટલું જ સાહિત્યિક ચિંતન : એક તન સાચવે છે ને બીજો ધન સાચવે છે સાહેબ, આ બંને જો સાચા મળે, તો જિંદગીનો બેડો પાર થઈ જાય છે !ળ આ રવિવારે, આ બંને વિષયો પર ગંભીરતાથી ચિંતન કરજો અને આવનારા નવા મહિનામાં એક સ્વસ્થ શરીર અને મજબૂત સરવૈયું બનાવવાનું પ્રણ લેજો!

# ॥ રામ રજાય મેટિ મનમાહીં, દેખા સુના કતહુઁ કોઉ નાહીં ॥






પ.પૂ. રણછોડદાસજી મહારાજ (પૂ.ગુરૂદેવ)



સંપાદક : મહેન્દ્ર સી.જોષી
મો.૯૪૨૬૪ ૫૦૩૫૨ (નિવૃત કેળવણી નિરીક્ષક)
સૌજન્ય: પ.પૂ.કુ.રમાબેન પુરૂષોતમભાઇ હરિયાણી
(અહૈતુક કૃપા–પુસ્તકમાંથી)


નબળી હોય તો તેમના પ્રત્યે હમદર્દી કે પ્રેમભાવ રાખવાને બદલે તેમનાથી ઘણા, તિરસ્કારની ભાવના સેવે છે. તેથી આવી વ્યકિતઓને પ્રેમ ભાવપૂર્વક મદદ પહોંચાડવી અતિ આવશ્યક છે.

આ સાથે કોઈ કોઈ વ્યકિત અહીંની પ્રજાને આધ્યાત્મિક માર્ગે વાળવા માટે પણ સૂચન કરતાં ત્યારે ભગવાન કહેતા, “અરે ભાઈ, પહલે પેટકા તો કરો પીછે ઠેઠકા. ઈનકે પેટકો ભોજન નહીં મિલેગા તબ તક ભજનકા વિચાર કરના વ્યર્થ હે” એકવાર ઈન્કમટેકસ ઓફિસરો આવ્યા અને આટલા મોટા પ્રમાણમાં કામ ચાલતું જોઈ હિસાબ માંગવા લાગ્યા. તેમજ આટલી મોટી રકમ કયાંથી આવે છે તે વિશે પૂછપરછ કરતા ભગવાને કહ્યું, ‘ ‘દેખો ભાઈ, હમારા તુમ્હારા એકસાડી તો ધંધા હૈ.” તેઓ ન સમજયા. ચોંકી ગયા. ભગવાને કહ્યું, “આપ કાયદે કાનૂનસે ઈન્કમટેકસ લેતે હૈં ઔર મૈં પ્રેમસે લેતા હું, જીસકે પાસ જીતની સુવિધા હોતી હૈ પ્રેમસે દે જાતે હૈ.

**(૭૬) જયતિ જયતિ જય કૃપાનિધાના**

ભગવાનની ઉંમર વિશે હું નાની હતી ત્યારથી બાપુજી દ્વારા અને પછી ભગવાનના સ્વમુખે પણ જુદુ જુદુ સાંભળતી રહી છું. ખરેખર સાચો આંકડો તો કોઈને ખબર નથી. જો કે આજે પણ મને ઘણાં લોકો ભગવાનની ઉંમર વિશે પૂછે છે. હું આ વિશે અજાણી છું તેમજ તે બાબત મને જાણવાનો રસ પણ નથી કારણ મારા ભાવ પ્રમાણે હું માનું છું ભગવાન, વ્યાપક એક બ્રહ્મ અવિનાશી, સત ચેતન ઘન આનંદ રાશી.

બાકી જે કંઈ સાંભળ્યું છે તે પ્રમાણે પ્રથમ બાપુજીએ કહેલું, લગભગ ૧૯૫૦માં ચાંદીવલીમાં રાત્રે થોડા ભાઈઓ સેવા કરતા હતા તે વખતે એક ભાઈનો પ્રશ્ન હતો કે, “બાપુ, આપકી ઉંમર કિતની ?” ભગવાને કહ્યું, “ સાધુકી ઉંમર જાનકર કયા કરોગે ?” ત્યારબાદ એક ગુરૂભાઈએ

રામહિં ચિતવત ચિત્રલિખસે, સકુચત બોલત વચન સિખેસે ।

બધા પાસેથી પોતાના અનુભવ મંગાવી ચોપડી છપાવવાની દ્રષ્ટિથી ભગવાન પાસે વાત રજૂ કરી, તેના માટે ભગવાનની જન્મ તારીખ અને સાલ પૂછતા કહ્યું, “ દેખો, સત્ય લિખેંગે તો દુનિયા માનેગી નહીં ઔર ઝૂઠ લિખના અપના કામ નહીં. ઈસીલિયે યહ સબ છોડો.”

પછી તે ૧૯૬૦માં ભગવાન ગલતાજી પધાર્યા ત્યારે મૌન હોવાથી લખી આપેલું, “સન ૧૫૩૬ મેં મુઝે યહાં દિવ્ય દર્શન હુઆ થા.” તેમ જ ૧૯૬૨માં પપરેંદામાં વિષ્ણુ મહાયજ્ઞ વખતે વાત વાતમાં બોલેલા, “ પહલે તે સાલમેં એસે એક દો યજ્ઞ બરાબર કરતા થા. અબ તો દેશકાલ પરિસ્થિતિ બદલ ગઈ ઔર શરીર ભી ચલતા નહીં ઈસલિયે નહીં કર પાતા હું ઔર આજ તક ઐસે એક હજાર યજ્ઞ કર ડાલહોગે.” આ સાંભળીને મનહરભાઈ હિસાબ કરવા લાગ્યા અને કહ્યું કે, “ભગવાન તો તમારી ઉંમર કેટલી ?” ત્યારે વાત ઉડાવી દીધેલી. મારા પ્રથમ પૂજનના પ્રસંગમાં પણ અકબરને પોતે જોયો છે તે વાત કરતા પણ મનહરભાઈ હિસાબ કરવા ગયા ત્યારે વાત ટાળી નાંખેલી. આ રીતે ઉંમર બાબત રસ ધરાવતી વ્યકિતઓ પાંચસો વર્ષથી ઉપર ઉંમર ગણાવે છે. મોટા ભાગના લોકોને આ વિષે જાણવાની ઉત્સુકતા રહે છે. બિહારમાં પણ એક દિવસ એક અજાણી વ્યકિતએ આવી પૂછેલું, “બાબાજી, આપકી ઉમ્ર કિતની ?” તો કહ્યું, “૭૫ સાલ” પાસે રહી આવી જુદી જુદી વાતો સાંભળતા. ભલ ભલાને ભ્રમ થઈ જાય તેવી લીલા કરતા.

ભેળા બેસનારા ભરમાણાં, મોટાના તળિયા ના મળે ના મળે.... ઉમા દારૂયોશિતકી નાંઈ, સબહીં નચાવત રામ ગુસાંઈ

છેલ્લે ૧૯૭૦ માં ભગવાનની નાજુક તબિયત વખતે પૂનામાં ડોકટર બાબુભાઈ ઘેલાણી ભગવાન પાસે રહેતા. તેઓ ભલા ભોળ । ભગવાન પ્રત્યે ફકત ડોકટરી ફરજ ન બજાવતા સેવાભાવ પણ સેવતા. તેમણે પણ ઉંમર વિશે પૂછેલું. ત્યારે કહ્યું, “ છપ્પન સાલ.” આટલી ઉંમર તો કોઈ હિસાબે માની શકાય તેમ હતી નહીં તેથી તેમણે કહ્યું, “બાબાજી, સાચુ કહોને ! આટલી ઉંમર તો કેમ હોઈ શકે ? શું આપે એવું બેલે છે ?” ત્યારે કહેલું, “ દેખો બાબુભાઈ, મૈં ફ્રૂડ કભી નહીંબોલતા હું. છપ્પન જરૂર હે પરંતુ ઉસસે પહલે એક, દો, તીન, ચાર પાંચ કિતના લગાના વો તુમ જાનો.” આ વાત પરથી અમુક વ્યકિતઓ પાંચસો છપ્પન સાને છે. બાબુભાઈનો સેવા ભાવ અને શરણાગતિ જેઈ ભગવાને

રામમાતુ દુઃખ સખ સમજાની, કહિ ગુણ દોષ પ્રબોધી રાની।

તેમને કહેલું, “જે ચાહિયે માંગો” પ્રથમ તે બાબુભાઈએ કહ્યું, “કંઈ જ નથી જોઈતું પરંતુ એક બહેને કહ્યું, “એમને ત્યાં સંતાન નથી.” ત્યારે ભગવાને કહ્યું, “ઈસીલિયે તો કહતા હું. એક નારિયેલ લાવ. લડકા દેના તે હમારે લિયે બાંયે હાથકા ખેલ હૈ.” ભગવાનની પ્રસાદી રૂપે આજે તેમને ત્યાં પુત્ર છે તેનું નામ આશીષ છે.

એક દિવસ સવારની પ્રાર્થના પૂરી થતાં કોઈ અજાણી વ્યકિતએ કોઈ પ્રશ્ન પૂછી કહ્યું, “ બાબાજી, આપ તો મહાન જ્ઞાની હૈ.” ત્યારે પ્રત્યુત્તરમાં ભગવાને કહ્યું, “અરે બાબા, મૈં કુછ પઢા લિખા હૂં નહીં. મૈં કુછ જાનતા નહીં હૂ. સિર્ફ દો કિતાબ પઢ । હું.” મૈં મારા ભાવ પ્રમાણે ચિઠ્ઠી લખી ભગવાન આપ દો કિતાબ ભી કે કયોં પઢે ? વહ ભી જરૂર નહીં થી કયોંકિ,

જા કિ સહજ શ્વાસ શ્રુતિચારિ, સો હરિ પઢ યહ કૌતુક ભારી. ઈસલિયે આપ દો કિતાબ પઢે વહ ભી આશ્ચર્ય હૈ. ચિઠ્ઠી વાંચી સામે જોઈ જાણે આ વાતને સ્વીકાર કરતા હોય તેમ સહેજ હસ્યા.

આવા પ્રસંગો વખતે ચિઠ્ઠી આપતા અન્ય લોકોને ગમતું નહીં. પરંતુ સમય પર ન જણાવું તો તેનો યોગ્ય જવાબ મળે નહી તેથી કેઈની પરવા કરતી નહિ.

આ વર્ષે રામનવમી, હનુમાન જયંતિ તેમ જ ગુરૂપૂર્ણિમાના ઉત્સવો બિહારમાં ઉજવાયા.

ત્યાંના લોકોના કહેવા પ્રમાણે અમે જયાં લાલ બંગલામાં રહેતા અને જયાં કેમ્પ હતો તે મેદાન સાપ વીંછીનું ઘર કહેવાતું જયારે ભગવાન પાસે સ્વયંસેવક ભાઈઓ દ્વારા આ વાત થતી ત્યારે કહેતા, “નિશ્ચિંત રહે, કિસીકે કુછ ન હોગા. સાપ બીચ્છુ કે મુંહ સી દિયે ગયે હૈ.” અને ખરેખર સાત મહિના દરમ્યાન કોઈને સાપ, વીંછીથી કંઈ જ હાનિ થયેલ નહીં.

જયપુરથી બા, બાપુજી આવ્યા ત્યારે મારા નીકળી ગયા બાદ જે ભગવાનનો પત્ર પહોંચેલો તે મને આપ્યો. જો કે હવે તો આ પત્રની વિગત મને ખબર હતી છતાં ભગવાનના હસ્તાક્ષર વાંચવામાં એટલે જ આનંદ આવ્યો.

રામ પ્રાણપ્રિય ભરતકહં, યહ ન હોય બડિ બાત।

શ્રી રામચંદ્રાય નમઃ પ્રિય રમુ સાદર આસીસ શરીર ઠીક નહીં તુ પહલી ગાડીસે ચલી આ (પહેલા તે બિહાર બેલાવતા હેવાથી કઈ રીતે આવવું તે જણાવ્યું પછી તે ચેકીને આગળ લખ્યું) તૂ અનંતપુર આ જા મેં તુજે લેને આતા હૂતા. પ કો તૂ અનંતપુર આ જા અચ્છા. સબકો આસીસ. જબ તક મેં અનંતપુર ન આઉ તબતક તું અનંતપુર નહીં છોડના અચ્છા. રણછોડદાસ

આ રીતે અનંતપુર બોલાવવાના ભગવાનના કહેવા પ્રમાણે બે ત્રણ કારણો હતા. એક તે અનંતપુર આવવાના હતા. બીજું જયપુરથી બિહાર ઘણું દૂર હોવાથી અનંતપુરથી પોતાની સાથે ગાડીમાં લઈ જવાના હતા, ત્રીજી ભગવાન જાણતા હતાં કે ઘેરથી હું નીકળું ત્યારે પરિસ્થિતિ વશાત્ પણ કોઈવાર રસોઈનો સામાન સાથે ન લઈ શકતી અને બિહારમાં તે વધારે સમય રહેવાનું હતું જેથી ભગવાન અનંતપુરથી પૂરૂં સાધન મારી સાથે ન હોય તો અપાવી શકે.

**(૭૭) કૃપાસિંધુ પ્રણતારતિ હરણા** શ્રી હનુમાન જયંતિનો ઉત્સવ કરી તે જ દિવસે ભગવાન ભુસાવળ ગોરધનભાઈને લગ્નમાં જવા રવાના થયા. બે–ત્રણ બહેનો સાથે જવાના હતા. મને તો કલ્પના પણ ન હતી. છેલ્લી ઘડીએ સાથે લઈ ગયા. બે ગાડીઓ હતી. હું મોટાભાગે બીજી ગાડીમાં જ હોઉં પરંતુ તે વખતે કયારેક ભગવાન હું જે ગાડીમાં હતી, તે ગાડીમાં પધારતા ત્યારે રસ્તામાં આનંદ કરાવતા કુલ ચાર બહેનો અમે સાથે હતા. કોઈ જગ્યાએ કૂવા–

# *॥ ધ્યાન– તબીબી વિજ્ઞાનની દ્રષ્ટિએ–૨ ॥*






પ.પુ.ગુઢદેવ ના ચરણોમાં સમર્પીત...... ગતાંકથી ચાલુ....


આજના માનવીની આધી, વ્યાધિ અને ઉપાધિ માટે દવા કે ડોકટરી ઉપચારો કરતાં ધ્યાનની આવશ્યકતા વધુ છે. ધ્યાન એટલે કોઈપણ વિચારના વંટોળ કે વમળ વિનાની શુધ્ધ જાગ્રુત અવસ્થા. વિચાર હંમેશા ગતિમાન હોય છે. એ ગતિમાન ન હોય તો વિચાર જીવંત રહી શકતો નથી. માનસિક સ્વચ્છતા અને સ્વસ્થતા માટે મન–મૌનનો અભ્યાસ જરૂરી છે. ઉંઘ આપણને અંશત : શારીરિક આરામ આપી શકે છે, પરંતુ માનસિક આરામ તો જવલ્લે જ ઉંઘમાં મળે છે. માનસિક આરામ ધ્યાન વિના અસંભવ છે.


જેમ આપણા ખોરાકનો ઘણો બધો ભાગ શરીરને બિનજઢરી હોય છે,તે જ પ્રમાણે મનને પોષણ આપવા માટે પણ બહુ ઓછા વિચારની જરૂર છે. વળી જેમ એક જ ભોજન અને બીજા ભોજન વચ્ચે અંતર હોવું જરૂરી છે. તેમ એક વિચાર અને બીજા વિચાર વચ્ચે પણ અવકાશની જરૂર હોય છે.

જેમ શરીર અતિ આહારને કારણે કબજીયાતથી પીડાઈ છે તે જ પ્રમાણે મન કુવિચાર અને અતિવિચારથી માનસિક કબજીયાતગ્રસ્ત રહી વ્યગ્ર કે ઉગ્ર સ્વભાવથી પીડાઈએ છીએ. જેમ આપણે ખોટા ખાનપાનની સહેલાઈથી આદત પડી જાય છે અને પછી તેને જ આપણે સાચો આહાર માનવા લાગીએ છીએ, જેમ આપણે આંતરડામાં પુષ્કળ કચરો લઈને ચાલતી ફરતી કચરા પેટી જેવા બની ગયા છીએ તે જ પ્રમાણે આપણા મસ્તિષ્કમાં પણ પારાવાર કચરો સંઘરીને આપણે માનસિક દબાણ અને તાણના ભોગ બનીએ છીએ.

કચરો આંતરડાનો હોય કે મસ્તિષ્કનો, આપણે એને સહેલાઈથી છોડતા નથી. શારીરિક ઉપવાસને આપણી રોજીંદી આવશ્યકતા છે. રોજ બાર કલાક ઉપરાંત આપણે કોઈપણ ખોરાક ન લેવો જોઈએ. તે જ રીતે રોજ થોડી મિનિટોનો માનસિક ઉપવાસ પણ કરવો જોઈએ.માનસિક ઉપવાસ ધ્યાનથી આપણે આપણા મુળ સ્વભાવ તરફ વળીએ છીએ. એ મુળ સ્વભાવમાં જ શાંતિ હોય છે. એ સ્વભાવ નિસર્ગદત છે, સહજ છે. ધ્યાનથી જ આપણે સ્વાસ્થ્યમાં પોતાને સ્થાપિત કરી શકીએ છીએ. એ માટે બીજો કોઈ ઈલાજ છે જ નહીં.


તબીબી વિજ્ઞાનની દ્રષ્ટિએ ધ્યાન દરમિયાન વ્યકિતનાં શરીર તથા મનની જુદી જુદી પ્રણાલીઓ–અંતઃસ્ત્રાવી, ચયાપચય, સનતંત્ર, રૂધિરાભિસરણતંત્ર, જ્ઞાનતંતુઓ, ચેતાતંત્ર વગેરે પર ઘનિષ્ટ અસરો પડે છે. લોહીના વિવિધ પરીક્ષણો તથા ECG, EEG, MRI, Rcbf, SPECT વગેરે જેવી અધ્યતન ટેકનોલોજીથી શરીરના જુદા–જુદા અવયવોમાં જુદા જુદા ફેરફારો નોંધાયા છે. સૌથી વધુ નોંધપાત્ર અને જાણીતા ફેરફારોની અહીં ચર્ચા કરી છે. **(૧) શરીરમાં પ્રાણવાયુનો (ઓકસીજન)નો વપરાશ ઘટે છે :–** ધ્યાન દરમ્યાન વ્યકિતના શરીરમાં પ્રાણવાયુનો વપરાશ દશથી વીસ ટકા જેટલો ઘટી જાય છે. ધ્યાનની શરૂઆતની ત્રણ મિનિટ દરમ્યાન જ ઓકિસજનના વપરાશમાં આટલો બધો ઘટાડો થાય છે, જે બીજી કોઈ રીતે કરવાનું શકય નથી. માણસ શાંતિપુર્વકની ઉંઘ દરમ્યાન પણ ઓકિસજનની જરૂરિયાતમાં માત્ર આઠ ટકા જેટલો જ ઘટાડો કરી શકે છે અને તે પણ ઉંઘ શરૂ થયા પછી ચાર–પાંચ કલાક બાદ !! કોરોનાની સેકન્ડ વેવમાં ઓકસીજનની અછત થી જે પરેશાની ભોગવી છે તેનાથી આપણે વાકેફ છીએ, આવનારો યુગ એ વાયરસનો યુગ રહેવાનો છે અને વાયરસનું મહતમ સંક્રમણ સનતંત્ર ઉપર ફેલાય છે એનો અર્થ એ છે કે આવનારા યુગમાં આપણે જો સ્વસ્થ રહેવું હશે તો સનતંત્રને મજબુત રાખવું પડશે અને શરીર ઓકસીજનનો સંગ્રહ વધુમાં વધુ કરે અને વપરાશ ઓછો કરે તેવું કરવું પડશે અને તે સૌથી વધુ ધ્યાનથી શકય બને છે.




**(૨) માનવ–મગજના ઈલેકિટકલ તરંગો શાંતિનો નિર્દેશ આપે છે :–** માનવ મગજમાં સતત ઈલેકિટ્રકલ ગતિવિધિઓ ચાલુ હોય છે અને જુદી જુદી પ્રવૃતિ દરમ્યાન જુદા જુદા પ્રકારના ઈલેકિટ્રક તરંગો નોંધાય છે. આલ્ફા, બીટા, ડેલ્ટા અને થીટા આ ચાર પ્રકારના તરંગો સામાન્ય રીતે ઈલેકટ્રો ઈન્કેફેલોગ્રામ (ઇ.ઇ.જી.)ની તપાસમાં નોંધાય છે. તંદુરસ્ત વ્યકિતની જાગ્રુત અવસ્થા દરમ્યાન સામાન્ય રીતે બીટા તરંગો (દર સેકંડે ૧૪ થી ૨૨ આવ્રુતિવાળા) ઉદભવે છે. આંખ બંધ કરીને શાંતિથી બેસવાથી આલ્ફા તરંગો (૮ થી ૧૩ પ્રતિસેકંડ આવ્રુતિવાળા), ગાઢ નિંદ્રામાં ડેલ્ટા તરંગો (૩ થી ૫ પ્રતિસેકંડ આવ્રુતિવાળા) આવે છે. એક વર્ષથી નાના બાળકમાં ડેલ્ટા તરંગો વધુ હોય છે, પછી જેમ એ મોટો થાય એમ થીટા તરંગો અને ત્યારબાદ આલ્ફા તરંગોનું પ્રમાણ વધતુ જાય છે. ઉંઘ દરમ્યાન થીટા અને ડેલ્ટા પ્રકારના તરંગો ઉપરાંત વચ્ચે વચ્ચે આંખના ડોળાના હલનચલન અને સ્વપ્ન સાથે સંકળાયેલ ઝડપી તરંગો પણ જોવા મળે છે. જયારે પ્રયાન કરતી વ્યકિતમાં આલ્ફા તરંગોનું પ્રભુત્વ રહે છે અને ધ્યાન પુરૂ થયા પછી પણ આ તરંગો મગજમાં ઉદભવ્યા કરે છે. આલ્ફા તરંગો સામાન્ય રીતે માનસિક શાંતિ અનુભવતા લોકોમાં જોવા મળે છે.

**(૩) શરીરમાં થાક–ચિંતા માટે જવાબદાર રસાયણો ઘટે છે :–** ધ્યાન કરવાથી શરીરમાં થાક અને ચિંતા સાથે સંકળાયેલ રસાયણ લેકિટક એસિડનું પ્રમાણ નોંધપાત્ર પ્રમાણમાં ઘટે છે. પ્રયાન શરૂ કર્યાની દશ જ મિનિટમાં લેકટિક એસિડનું પ્રમાણ ઘટવા માંડે છે, અને ધ્યાન પુરૂ થયા પછી પણ આ પ્રમાણ લાંબા સમય સુધી ઓછું રહે છે ! લેકિટક એસિડનો માનસિક ચિંતા સાથેનો સબંધ દર્શાવતા એક અભ્યાસમાં એવું જણાયુ હતુ કે જે લોકોને લેકિટક એસિડનું ઈન્જેકશન આપવામાં આવે એ બધામાં ચિંતાનું પ્રમાણ ખુબ વધી જાય છે. જો લેક્ટિક એસિડ વધવાથી ચિંતા વધતી હોય તો ધ્યાન કરીને લેકિટક એસિડ ઘટવાથી શાંતિનો અનુભવ થાય એ સ્વાભાવિક છે.




**(૪)હદયના ધબકારા અને શ્વાસોશ્વાસની ગતી ઘટે છે :–** ધ્યાન કરવાથી હદયની અને શ્વાસોશ્વાસની ગતિ ઘટે છે. ધ્યાન કરતાં પહેલાના હદયના ધબકારામાં સરેરાશ દર મિનિટે ત્રણ ધબકારાનો/મિનિટનો ઘટાડો નોંધાયો. એ જ રીતે શ્વાસોશ્વાસનો દર પણ ઘટતો જણાયો.જયારે માણસ ટેન્સનમાં કે ‘લડો અથવા ભાગો’ની પ્રતિક્રિયામાં હોય ત્યારે હદયના ધબકારા અને શ્વાસોશ્વાસની ગતિ વધે છે. જેનાથી બિલકુલ વિપરિત અસર ધ્યાનથી જોવા મળે છે.

શરીરને બાહ્ય આફતથી બચાવવા માટે જરૂરી લડો અથવા ભાગોની પ્રતિક્રિયાની જેમ જ શરીરને આંતરિક નુકશાન અને વધુ પડતા તાણથી બચાવવા માટે વિશ્રાંતિની પ્રતિક્રિયા હાજર જ હોય છે.માત્ર જરૂર છે એ માટે નિયમિત પ્રયત્ન કરવાની. આજના ઝડપી યુગમાં સતત અનેક દિશાઓમાં–અનેક વિચારોમાં ખોવાયેલ મગજને વિશ્રાંતિની જરૂર રહે છે જે ઓછા સમયમાં અસરકારક રીતે પુરૂ પાડવાનું કામ ધ્યાન કરી શકે છે. રીલેકસેશન માટે કામ બંધ કરી વેકેશન પર ઉતરી જવાની જરૂર નથી, જરૂર છે માત્ર ચાલુ કામ દરમ્યાન ટી બ્રેકને બદલે મેડીટેશન બ્રેક લેવાની. કેટલીક મોટી કંપનીઓમાં (પશ્ચિમના દેશોમાં) આવી પ્રથા શરૂ થઈ રહી છે જેમાં એકિઝકયુટિવ્સ, મેનેજરો અને કર્મચારીઓ માટે ૧૫–૨૦ મિનિટની ધ્યાનની બેઠક રોજ રાખવામાં આવે જેથી કર્મચારી માનસિક શાંતિ અનુભવે અને એમની કાર્યક્ષમતામાં વધારો થાય ઈન્ફોસીસ કંપની જયારે શરૂ થઈ અને ખુબ પ્રગતી કરી ત્યારબાદ અમુક સમય પછી એવું જોવામાં આવ્યુ કે કંપનીના ઓફીસરો/કર્મચારીઓમાં ડીપ્રેશન અને માંદગીનું પ્રમાણ ખુબ જોવા મળ્યુ, ત્યારબાદ કંપનીના ચેરમેન નારાયણમુર્તીએ સર્વે કારાવ્યો કે ઈન્ફોસીસમાં તમામ કર્મચારીને સારામાં સારૂ ફુડ આપવામાં આવે છે, બેસ્ટ મેડીકલ સુવિધા આપવામાં આવે છે છતાં કેમ કર્મચારીમાં ડીપ્રેશન અને માંદગીનું પ્રમાણ જોવા મળે છે ? સર્વેમાં એવુ તારણ નિકળ્યુ કે એક જ પ્રકારનુ કામ અને સ્પર્ધામાં ટકી રહેવાની હરિફાઈ કર્મચારીને બીમાર પાડે છે ! ત્યારબાદ ઈન્ફિસીસ કંપનીમાં ધ્યાન સેન્ટર શરૂ કરવામાં આવ્યુ અને કર્મચારીને એવું કહેવામાં આવ્યુ કે તેના નોકરીના સમયમાં જયારે મન પડે ત્યારે મેડીટેશન બ્રેક લઈ શકે છે, ધ્યાનના સમયને પણ નોકરીના સમયમાં ગણવામાં આવશે. ધ્યાન સેન્ટર શરૂ કર્યાના ત્રણ મહીના બાદ કંપનીના અધીકારી/કર્મચારીનુ ડીપ્રેશન–માંદગીનું પ્રમાણ ૭૦ % ઘટી ગયુ.

આમ, શરીરને માનસિકતાણથી બચાવવા માટેનો ભારતીય સંસ્કુતિનો સદીઓ જુનો અને અનુભવ પુરસ્કુત યોગ અને ધ્યાનનો માર્ગ બધાએ વહેલો મોડો અપનાવવો જ પડશે.

# ‘સમજણ એ જ નારાયણ’

## ‘‘દિલાસો આપનારાઓએ મારૂ ધ્યાન ખેચ્યું છે, નહિંતર હું દુઃખી છુ, એની મુજને તો ખબરેય નહોતી.’’

– ઓજસ પાલનપુરી



યોગેશ ભટ્ટ
(બી.એ.એલ.એલ.બી)
મો. ૯૯૨૪૦૧૩૪૬૪ – અમરેલી


એક વિદેશી મુલાકાતી ભારતની મુલાકાતે આવે છે, અગાઉ તેણે આપણાં દેશ અંગે ઘણું સાંભળ્યું હોય છે, તેથી તે અહીંયા આવીને, પર્યટન કરીને સઘળું જુએ અને જાણે છે, એ દરમ્યાન તે એક વિદ્વાન માણસને મળે છે, પણ આ મુલાકાત દરમ્યાન એ પર્યટક જયારે વિદ્વાનનું સાવ સામાન્ય ઘર અને જીવનશૈલી જોઈને અવાચક બની જાય છે ! તે વિદ્વાનને પૂછી બેસે છે કે : ‘મે આપના અંગે ઘણું જાણ્યું, સાંભળ્યું છે, પણ આપનું સામાન્યપણું સાદગી જોઈને મને આશ્ચર્ય થાય છે ! આપનું ફર્નિચર કયાં છે ? ત્યારે વિદ્વાન પણ મુલાકાતીને આ જ પ્રશ્ન પૂછે છે, તો મુલાકાતી જણાવે છે કે અરે ! ભાઈ હું તો પ્રવાસી છું. અહીંયા કયાં કાયમ રહેવાનો છું ? કે મારે ફર્નિચરની જરૂર પડે ! ત્યારે વિદ્વાન પ્રત્યુતર આપતાં બહુ સરસ વાત કરે છે કે ભાઈ હું પણ આ પૃથ્વી ઉપરનો મુલાકાતી જ છું જયાં કાયમ આપણે રહેવાનુ જ નથી ત્યાં વસ્તુ, વૃતિઓ અને વળ ગણોરૂપી ફર્નિચર એકઠું કરીને વજન શા માટે વધારવો ? તો તો પછી આ જીવનપ્રવાસનો આનંદ અને મર્મ જ ચૂકી જવાય !

સમાજમાં અનેક અનેક પ્રકારની મનોવૃતિઓ ધરાવતા માણસો જોવા મળે છે ઘણા લોકો રૂપિયાને તો ઘણા લોકો દેખાવને, ઘણા લોકો ઈમેજને, ઘણા લોકો સર્કલને, ઘણા લોકો શરીરીને સ્વાસ્થ્યને મહત્વ આપતા હોય છે. મોટાભાગનો વર્ગ એવી ધારણાઓ બાંધીને જ જીવે છે કે આટલું આટલું આપણી પાસે હોય તો જ આપણે સુખી ગણાઈએ અને એટલે જ કોઈને સંપતિનો, કોઈને સ્વાસ્થ્યનો, કોઈને હોદ્દાનો, કોઈને કમાણીનો, કોઈને સ્વયંમ પોતાનાં ઈગોનો કેફ રહેતો હોય છે, આ લોકો સામેની વ્યકિતમાં જયારે આ બાબતો નથી જોતા, ત્યારે તેને તુચ્છ સમજવા લાગતા હોય છે, અરે પોતે જ કાંઈક છે (I am Something) અને બાકીના લોકો તો પછાત, લાચાર અને નમાલા જ છે ! એવી મોટી ધારણાઓ બાંધી લેતા હોય છે, તેને દુઃખીયારા સમજતાં હોય છે, ખરેખર ત્યાં જ તેની મોટી ભૂલ થતી હોય છે જીવન એ ઈશ્વરની અણમોલ ભેટ છે, જે સમતા સભાનતા અને સદ્ભાવોથી જ શોભે છે ! જે બાબતોનું ઈશ્વરની નજરમાં કોઈ કોઈજ મૂલ્ય નથી તેની પાછળ અમૂલ્ય જીવન વેડફવુ, જાતને, જગતને અવગણવું એ પણ પાપ જ છે !

**નવનીત :**

**સાદગી અને સંતોષથી મોટું કોઈ આભુષણ નથી, અને દરેક તે મેળવી પણ નથી શકતાં !**

# તિજોરીની ચાવી મળી ગઈ, પણ સુખનું સરનામું કયાં

**પ્રિય તંત્રીશ્રી, સાદર પ્રણામ.**

આપના પ્રતિષ્ઠિત અને લોકપ્રિય દૈનિક સમાચારપત્રમાં પ્રગટ કરવા માટે સામાજિક ચિંતન, પ્રેરણા અને વાસ્તવિક જીવનના સચોટ પાસાંઓને સ્પર્શતો એક વિશેષ લેખ મોકલી રહ્યો છું. આ લેખ આજની ભાગદોડ ભરેલી જિંદગીમાં માનસિક શાંતિ અને સંબંધોના મૂલ્યને સુંદર રીતે પ્રગટ કરે છે, જે વાચકોના હૃદયને સો ટકા સ્પર્શી જશે.

આજની આ ભાગદોડ ભરેલી જિંદગીમાં આપણે બધા એક અજાણી રેસ પાછળ આંધળી દોટ મૂકી રહ્યા છીએ. સવારે આંખ ખૂલે ત્યારથી લઈને રાત્રે પલંગ પર પડખું ફરીએ ત્યાં સુધી મનમાં અસંખ્ય વિચારો, ચિંતાઓ અને આયોજનોનો એક ગૂંચવાયેલો મેળો ભરાય છે. ભૌતિક સુખ–સુવિધાઓ મેળવવાની આંધળી દોટમાં આપણે કયાંક એ ભૂલી ગયા છીએ કે જીવનનો અસલી આનંદ બહારની ઝાકઝમાળમાં નહી, પણ આપણા મનની ભીતરમાં છુપાયેલો છે. અરે સાહેબ, જિંદગીની આ દોડમાં એટલું પણ ન દોડો કે પાછળથી ખબર પડે કે જેની પાછળ આખી જિંદગી હોમી દીધી એ વૈભવ તો અહીં જ રહી ગયો, અને જે મનની શાંતિ ખોઈ બેઠા એ કયાંય પાછી ન મળી !

વાસ્તવિકતા એ છે કે જિંદગીમાં દરેક દિવસ એકસરખો નથી હોતો. ગીતામાં કૃષ્ણએ ‘સમત્વ’નો જે અદભુત પાઠ ભણાવ્યો છે ને, એ કોઈ ધર્મગ્રંથ પૂરતો સીમિત નથી, પણ જિંદગી જીવવાનું અસલી વિજ્ઞાન છે. સુખ–દુઃખ તો પાનખર અને વસંત ઋતુ જેવા છે, જે સમય ગયે આવશે અને જશે. પરંતુ જો મનનું સંતુલન જ ખોવાઈ ગયું, તો બધું જ પૂરૂં થઈ જશે. ઠોકર વાગવી એ પતન નથી, પણ સંભાળીને આગળ વધવાનો એક મીઠો સંકેત છે. મુશ્કેલીઓ આપણને તોડવા માટે નથી આવતી, પરંતુ આપણી અંદર છુપાયેલી સુષુપ્ત શકિતઓ અને ધૈર્યનો સાચો પરિચય કરાવવા માટે આવે છે.

માનવ જીવનને નંદનવન બનાવવામાં સૌથી મહત્વનો ફાળો આપણા વ્હાલભર્યા સંબંધોનો છે. સંબંધોમાં કયારેય વૈચારિક મતભેદથી અંતર નથી વધતું, પણ મનભેદ અને અપેક્ષાઓના અતિરેકથી અંતર વધે છે. જયારે આપણે સામેની વ્યકિતને તેની મર્યાદાઓ સાથે સહજતાથી સ્વીકારવાનું શરૂ કરીએ છીએ, ત્યારે મન આપોઆપ હળવું થઈ જાય છે. તિજોરી ભરાય ત્યારે ભૌતિક સુખ ચોકકસ મળે છે, પણ જયારે વ્હાલભર્યા સંબંધોને ગળે લગાવીને હસતા શીખી જાવ ને, ત્યારે ભીતરની પરમ શાંતિ મળે છે. કોઈની પાસે અપેક્ષા ઓછી રાખવી એ આપણને રાહત આપે છે, પણ સાવ નકારાત્મક થઈને લાગણીઓનો સ્ત્રોત જ બંધ કરી દેવો એ માત્ર એકલતા તરફ દોરી જાય છે.

એક ઊંડો શ્વાસ લો સાહેબ... અને મનનો બધો જ ભાર ઈશ્વરને સોંપી દો ! ગઈકાલના પસ્તાવા અને આવતીકાલની ચિંતાની ચિતા પર સળગવાનું બંધ કરો. જે સમય વીતી ગયો છે એ પાછો નથી આવવાનો અને જે આવવાનો છે એ તમારા હાથમાં નથી. તો પછી આજે જે શ્વાસ ચાલી રહ્યો છે, એના માટે હૃદયપૂર્વક ઈશ્વરનો આભાર માનો. ઈતિહાસ ગવાહ છે સાહેબ... સિકંદર પણ આખી દુનિયા જીતીને છેલ્લે ખાલી હાથે જ ગયો હતો. તમારી અસલી કમાણી બેંક બેલેન્સમાં નહીં, પણ તમારા મનની મોકળાશમાં અને તમારા વ્હાલભર્યા સંબંધોમાં જ છુપાયેલી છે. મુક્ત મને હસો અને આ ક્ષણને મન ભરીને જીવી લો... કારણ કે જિંદગી ખૂબ જ સુંદર છે અને એવહેતા પ્રવાહની જેમ વહી રહી છે. આસપાસના લોકો સાથે પ્રેમ વહેંચો, કોઈકના નિરાશ ચહેરા પર હાસ્ય લાવવાનું નિમિત્ત બનો અને દરેક પળને એવી રીતે માણો કે જિંદગી પોતે જ એક ભવ્ય ઉત્સવ બની જાય...


હાર્દિક ચંદારાણા

મો. ૭૨૧૧ ૫૫૫૭૩ ઈ-મેઈલ : hchanadarana@gmail.com

# ચલાલા : ગાયત્રી એજ્યુકેશન ગૃપનો પ્રવેશોત્સવ યોજાયો










ચલાલા રાજય સરકારના કન્યા કેળવણી મહોત્સવ અને શાળા પ્રવેશોત્સવ અંતર્ગત રક્ષા શકિત ગર્લ્સ, સ્કૂલ, હરિબા કેમ્પસ ખાતે રક્ષા શકિત ગર્લ્સ સ્કૂલ, સંસ્કૃત શકિત ગુરૂકુળ, ગાયત્રી સંસ્કાર વિદ્યાલય, હરિબા મહિલા કોલેજ ઉત્સાહભેર પ્રવેશોત્સવ યોજાયો. આ કાર્યક્રમમાં પ.પૂ. સંત ડો. રતિદાદા, દાન મહારાજની જગ્યા લઘુ મહંત મહાવીરબાપુ, ઉદયબાપુ, ભારતભૂષણ મહેશભાઈ મહેતા, ચલાલા નગરપાલિકા પ્રમુખ જયરાજભાઈ, ભયલુભાઈ, ડો. દેવકુભાઈ, રાજુભાઈ, સીઆરસી ચૌહાણભાઈ, જીતુભાઈ મહેતા સહિતના મહાનુભાવદ ઉપસ્થિત રહ્યા હતા. કાર્યક્રમની શરૂઆત દીપ પ્રાગટય સાથે કરવામાં આવી હતી. ત્યારબાદ ઉપસ્થિત મહેમાનોનું સ્વાગત રક્ષા શકિત ગર્લ્સ સ્કૂલની દીકરીઓ દ્વારા સુંદર સ્વાગત ગીત રજુ કરવામાં આવ્યું. સંસ્થાના શિલ્પી પ.પૂ. સંત ડો. રતિદાદા સૌને પ્રેરક આર્શીવચન આપ્યા હતા. આર્શીવચન બાદ નવા પ્રવેશ મેળવનાર વિદ્યાર્થીઓને મહાનુભાવોના હસ્તે શૈક્ષણિક કીટનું વિતરણ કરવામાં આવ્યું હતું અને તેમના ઉજજવળ ભવિષ્ય માટે શુભેચ્છાઓ પાઠવવામાં આવી હતી તેમજ મહાનુભાવો દ્વારા વિદ્યાર્થીઓને પ્રેરક ઉદબોધન આપવામાં આવ્યું હતું. કાર્યક્રમનું સુંદર સંચાલન રક્ષા શકિત ગર્લ્સ સ્કૂલની વિદ્યાર્થીની દ્વારા કરવામાં આવ્યું હતું. ભારત ભૂષણ મહેશભાઈ મહેતા જણાવ્યું કે શિક્ષણ એ માત્ર જ્ઞાન પ્રાપ્ત કરવાનો માર્ગ નથી. પરંતુ સંસ્કાર, ચારિત્ર્ય અને રાષ્ટ્રનિમાર્ણનો મજબૂત પાયો છે. તેમણે તમામ વિદ્યાર્થીઓને મન લગાવી અભ્યાસ કરી જીવનમાં ઉચ્ચ શિખરો સર કરવાની પ્રેરણા આપી હતી. કાર્યક્રમના અંતે હરિબા કેમ્પસ ગ્રાઉન્ડમાં વૃક્ષારોપણનું આયોજન કરવામાં આવ્યું. સમગ્ર કાર્યક્રમની સફળતા માટે શીતલબેન મહેતા, ગાયત્રી એજયુકેશન સ્ટાફગણે ભારે જહેમત ઉઠાવી હતી.

## બાબરા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | કપાસ | ૧૬૨૦ | ૧૭૦૦ |
| ૨ | કપાસ મીડીયમ | ૧૪૮૦ | ૧૫૯૦ |
| ૩ | મગફળી | ૧૨૩૦ | ૧૨૯૦ |
| ૪ | તલ સફેદ | ૧૪૯૦ | ૨૪૦૦ |
| ૫ | તલ કાળા | ૨૯૭૦ | ૩૨૯૦ |
| ૬ | જીરૂ | ૩૧૬૦ | ૩૯૧૦ |
| ૭ | ચણા | ૧૧૧૦ | ૧૧૪૦ |
| ૮ | ઘઉં | ૪૭૦ | ૫૧૦ |

## રાજુલા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | શીંગ | ૧૨૨૫ | ૧૨૨૫ |
| ૨ | તલ સફેદ | ૧૫૦૧ | ૨૫૦૦ |
| ૩ | તલ કાળા | ૨૫૦૦ | ૩૧૦૦ |
| ૪ | કપાસ | ૧૫૨૫ | ૧૬૫૦ |
| ૫ | બાજરો | ૩૯૬ | ૪૮૧ |
| ૬ | ઘઉં ટુકડા | ૪૭૦ | ૪૯૦ |
| ૭ | જુવાર | ૫૨૬ | ૧૧૯૦ |
| ૮ | મગ | ૧૦૦૦ | ૧૫૪૬ |

## અમરેલી માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | શિંગ મોટી | ૧૧૯૦ | ૧૪૮૫ |
| ૨ | શિંગદાણા | ૧૪૯૦ | ૨૧૧૦ |
| ૩ | શિંગદાણા ફાડા | ૧૪૫૦ | ૧૭૩૫ |
| ૪ | તલ સફેદ | ૧૧૨૫ | ૨૫૯૫ |
| ૫ | તલ કાળા | ૨૦૭૫ | ૩૭૧૫ |
| ૬ | તલ કાશ્મીરી | ૨૨૦૦ | ૨૩૮૦ |
| ૭ | બાજરો | ૩૮૦ | ૩૮૦ |
| ૮ | જુવાર | ૪૫૦ | ૧૧૦૫ |
| ૯ | ઘઉં ટુકડા | ૪૦૫ | ૫૭૦ |
| ૧૦ | ઘઉં લોકવન | ૪૪૫ | ૫૧૫ |
| ૧૧ | મકાઈ | ૪૧૦ | ૪૧૦ |
| ૧૨ | મગ | ૧૪૦૦ | ૧૬૯૦ |
| ૧૩ | અડદ | ૧૧૦૦ | ૧૧૦૦ |
| ૧૪ | ચણા | ૯૭૦ | ૧૧૭૦ |
| ૧૫ | ચણા દેશી | ૧૧૨૦ | ૧૧૨૦ |
| ૧૬ | સફેદ ચણા | ૭૦૦ | ૧૧૧૫ |
| ૧૭ | વટાણા | ૬૪૫ | ૬૪૫ |
| ૧૮ | તુવેર | ૧૦૦૦ | ૧૪૩૦ |
| ૧૯ | કપાસ | ૯૬૦ | ૧૮૮૫ |
| ૨૦ | એરંડા | ૧૧૦૦ | ૧૩૫૫ |
| ૨૧ | જીરૂ | ૨૦૦૦ | ૩૮૩૦ |
| ૨૨ | રાયડો | ૧૦૦૦ | ૧૧૫૦ |
| ૨૩ | રાય | ૧૦૦૦ | ૧૪૩૦ |
| ૨૪ | ધાણી | ૨૦૦૦ | ૨૮૫૦ |
| ૨૫ | મેથી | ૧૦૦૦ | ૧૩૪૦ |
| ૨૬ | સોયાબીન | ૧૧૫૦ | ૧૩૪૫ |
| ૨૭ | રજકાનું બી | ૩૯૦૦ | ૯૪૦૦ |

પાના ૮ ઉપરનું ચાલું
## રાજુલાનાં કાગવદર ગામે

જી.જે.–૧૪બી.કે.–૪૫૮૯લઈનેગત તા. ૨૫નાં રોજ સાંજે ૫:૪૫ વાગ્યા દરમિયાનઉનાથીરાજુલાતરફજતાંહોય. ત્યારે આરોપીએ પોતાના હવાલાવાળી મોટર સાયકલ પુરઝડપે અનેબેફીકરાઈ રીતેચલાવી કાગવદર ગામ આગળ સબ સ્ટેશન સામે નેશનલ હાઈવે રોડ ઉપર પસાર થતી ગાય સાથે મોટર સાયકલ ભટકાવી દેતા મોટર સાયકલ ફંગોળાઈ જતાંપાછળબેઠેલા કરણભાઈનેમાથાના ભાગે તથા શરીરે ગંભીર ઈજાઓ પહોંચાડી તથા ગાય જીવ નંગ–૧ મરણ ગયેલ હતી. વાહન આરોપી રામભાઈ દીલાભાઈ સોલંકીએ પોતે પોતાના છાતીના ભાગે તથા જમણા હાથના ભાગે ગંભીર ઈજાઓ તથા સામાન્ય ઈજાઓ પહોંચાડી પોતાનું મોત નિપજાવી દીધાની પોલીસમાં ફરિયાદ નોંધાઈ છે.

પાના ૧ ઉપરનું ચાલું
## સિંહોનો રહેણાંક વિસ્તાર સતત ઘટતા

પ્રમાણમાં વધ્યો નથી પરંતુ તેમાં ઘટાડો થયો છે.

નિષ્ણાંતોના જણાવ્યા અનુસાર ગીર અભ્યારણ્ય અને રાષ્ટ્રીય ઉદ્યાનનો મુખ્ય જંગલ વિસ્તાર આશરે ૧,૪૧૨ ચોરસ કિલોમીટર છે. વધતી જતી સિંહોની વસતીને કારણે હવે મોટી સંખ્યામાં સિંહો ગીરની બહાર મહેસૂલી વિસ્તારો, ખેતીવાડી જમીનો, દરિયાકાંઠાના વિસ્તારો અને માનવ વસાહતોની નજીક રહેવા મજબૂર બન્યા છે. પરિણામે માનવ–સિંહ સંઘર્ષની ઘટનાઓ વધી રહી છે.

વન્યજીવ નિષ્ણાંતોનું માનવું છે કે ગીરની આસપાસ ઝડપથી વધતા ફાર્મ હાઉસ, રિસોર્ટ, હોટલ, ગેરકાયદેસર બાંધકામ, ખાણ, રોડ અને અન્ય વિકાસ કાર્યોના કારણે સિંહોના પરંપરાગત કોરિડોર અને અવરજવરનાં માર્ગો અવરોધાઈ રહ્યા છે. દિવસ–રાત વાહનોની અવરજવર અને માનવ પ્રવૃત્તિઓને કારણે સિંહો વારંવાર રહેણાંક વિસ્તારો તરફ વળી રહ્યા છે.

નિષ્ણાંતો ચેતવણી આપે છે કે મર્યાદિત વિસ્તારમાં ક્ષમતા કરતાં વધુ સિંહોની વસતી હોવાથી ચેપજન્ય રોગચાળો ફેલાવાનો ખતરો પણ વધી શકે છે. અગાઉ કેનાઈન ડિસ્ટેમ્પર વાયરસ (સીડીવી) જેવા રોગોના કારણે સિંહોના મોત થયા હતા, જે વધતી ગીચ વસતીનું એક ગંભીર પરિણામ માનવામાં આવે છે.

વન્યજીવ સંરક્ષણ સાથે જોડાયેલા તજજ્ઞો લાંબા સમયથી નવા સુરક્ષિત કોરિડોર વિકસાવવા, સિંહો માટે વૈકલ્પિક નિવાસ સ્થાન ઉભા કરવા અને ગીર આસપાસના ગેરકાયદેસર દબાણો દૂર કરવાની માંગ કરી રહ્યા છે. તેમનું માનવું છે કે, જો સમયસર અસરકારક પગલાં નહીં લેવાય તો આવનારા સમયમાં માનવ–સિંહ સંઘર્ષની ઘટનાઓ વધુ ગંભીર બની શકે છે.

અમરેલી જિલ્લામાં છેલ્લા દિવસોમાં બનેલી દુઃખદ ઘટનાઓએ ફરી એકવાર સ્પષ્ટ કરી દીધું છે કે માત્ર સિંહોની સંખ્યા વધવી ગૌરવની વાત નથી, પરંતુ તે પ્રમાણે સુરક્ષિત જંગલ વિસ્તાર, કોરિડોર અને વૈજ્ઞાનિક આયોજન પણ એટલું જ જરૂરી છે. નહીં તો ગીરના ગૌરવ સમાન એશિયાટિક સિંહો અને માનવજીવન બંને માટે પડકારો સતત વધતા રહેશે.

## સાવરકુંડલા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | શીંગ જીણી | ૧૨૦૦ | ૧૪૬૮ |
| ૨ | શીંગ મોટી | ૧૧૦૦ | ૧૪૦૦ |
| ૩ | શીંગ દાણા | ૧૫૦૦ | ૧૯૦૧ |
| ૪ | તલ સફેદ | ૨૦૦૦ | ૨૫૨૧ |
| ૫ | તલ કાળા | ૨૮૦૦ | ૩૭૦૧ |
| ૬ | કપાસ | ૧૩૦૦ | ૧૮૫૧ |
| ૭ | ઘઉં લોકવન | ૪૫૦ | ૪૯૦ |
| ૮ | ઘઉં ટુકડા | ૪૬૦ | ૫૩૦ |
| ૯ | બાજરો | ૪૦૦ | ૫૦૯ |
| ૧૦ | જુવાર | ૮૦૦ | ૧૦૯૦ |
| ૧૧ | મગ | ૧૩૦૦ | ૧૫૫૦ |
| ૧૨ | અડદ | ૧૫૦૦ | ૧૬૨૦ |
| ૧૩ | ચણા | ૧૦૦૦ | ૧૧૪૧ |
| ૧૪ | તુવેર | ૧૨૦૦ | ૧૩૯૦ |
| ૧૫ | એરંડી | ૧૨૦૦ | ૧૩૩૫ |
| ૧૬ | મેથી | ૧૨૦૦ | ૧૨૫૦ |
| ૧૭ | ધાણા | ૨૫૦૦ | ૨૮૮૦ |

પાના ૧ ઉપરનું ચાલું
## અમરેલી જિલ્લામાં છેલ્લા ૨૪ કલાકમાં

અને સ્થાનિકોમાં ચિંતા વધારી છે.

અમરેલી જિલ્લાના ગીર પંથકમાં છેલ્લા ૨૪ કલાક દરમિયાન ત્રણ સિંહબાળના મોતની ઘટનાઓ સામે આવતા વન વિભાગ માટે ચિંતાજનક સ્થિતિ સર્જાઈ છે. અલગ–અલગ કારણોસર બનેલી આ ત્રણેય ઘટનાઓને લઈને તપાસ શરૂ કરવામાં આવી છે, પરંતુ સતત વધી રહેલા સિંહબાળના મોત અને બીજી તરફ માનવ પર થતા હુમલાઓને કારણે વન વિભાગની કામગીરી સામે અનેક સવાલો ઊભા થયા છે.

સૌ પ્રથમ ઘટના બગસરા તાલુકાના હામાપુર ગામની છે, જયાં એક દિવસ અગાઉ જન્મેલા નવજાત સિંહબાળનું મોત થયું હતું. વન વિભાગે મૃતદેહ કબ્જે લઈ પોસ્ટમોર્ટમ સહિતની કાર્યવાહી હાથ ધરી છે અને મોતનું ચોક્કસ કારણ જાણવા તપાસ શરૂ કરી છે.

બીજી ઘટના ધારીના પાણીયા રેન્જમાં નોંધાઈ હતી, જયાં અંદાજે એક વર્ષના સિંહબાળનું મોત ઈન્ફાઈટ (સિંહો વચ્ચેની લડાઈ)ના કારણે થયું હોવાનું પ્રાથમિક તપાસમાં સામે આવ્યું છે. ગીર વિસ્તારમાં પ્રભુત્વ માટે થતા સંઘર્ષમાં આવા બનાવો બનતા હોવાની શકયતા વનવિભાગ વ્યકત કરી રહ્યો છે.

ત્રીજી ઘટના ધારીના દલખાણીયા રેન્જમાં બની હતી, જયાં અંદાજે છથી સાત માસના નર સિંહબાળનો મૃતદેહ મળી આવ્યો હતો.

આ ઘટનામાં પણ વન વિભાગે મૃતદેહને પોસ્ટમોર્ટમ માટે મોકલી આગળની તપાસ શરૂ કરી છે. મોતનું ચોક્કસ કારણ પોસ્ટમોર્ટમ રિપોર્ટ બાદ સ્પષ્ટ થશે.

ઉલ્લેખનીય છે કે છેલ્લા એક મહિનામાં અમરેલી જિલ્લામાં સિંહોના હુમલાની પાંચથી વધુ ગંભીર ઘટનાઓ સામે આવી ચૂકી છે. માનવ પર થતા હુમલાઓને લઈને લોકોમાં ભયનું વાતાવરણ છે, ત્યારે બીજી તરફ સતત સિંહબાળના મોત પણ ચિંતાજનક બની રહ્યા છે. આ બંને પરિસ્થિતિ વચ્ચે વન વિભાગ માટે માનવ સુરક્ષા અને સિંહ સંરક્ષણ બંને વચ્ચે સંતુલન જાળવવાનો પડકાર વધુ ગંભીર બન્યો છે.

વન્યજીવ નિષ્ણાંતોનું માનવું છે કે સિંહોના રહેણાંક વિસ્તારમાં વધતું દબાણ, વિસ્તરતો માનવ વસવાટ અને પ્રાકૃતિક પરિબળો જેવી બાબતો પર સતત વૈજ્ઞાનિક અભ્યાસ અને અસરકારક વ્યવસ્થાપનની જરૂર છે. બીજી તરફ સ્થાનિકોમાં માંગ ઉઠી રહી છે કે સિંહોના હુમલા અટકાવવા તેમજ સિંહબાળના સતત થતા મોત અંગે પારદર્શક તપાસ કરીને યોગ્ય પગલાં લેવામાં આવે.

એક જ દિવસમાં ત્રણ સિંહબાળના મોતની ઘટના અને સતત વધી રહેલા માનવ–સિંહ સંઘર્ષે ગીરના સિંહ સંરક્ષણ મોડેલ સામે ફરી એકવાર ગંભીર ચર્ચા છેડી છે. હવે પોસ્ટમોર્ટમ રિપોર્ટ અને વન વિભાગની સત્તાવાર તપાસ બાદ જ ત્રણેય સિંહબાળના મોતના ચોક્કસ કારણો સ્પષ્ટ થશે.

## જાહેર સૂચના

હું, વિજયકુમાર કેશવભાઈ મકવાણા, પુખ્ત વયનો, રહેવાસી : ચમારડી, તાલુકો બાબરા, જિલ્લો અમરેલી વાળા આથી જાહેર કરૂ છું કે, મે મારા પિતાના નામમાં સુધારો કરેલ છે. મારૂ અગાઉનું નામ ‘‘વિજયકુમાર કેશવભાઈ મકવાણા’’ હતું, જે હવેથી ‘‘વિજયકુમાર કેશુભાઈ મકવાણા’’ તરીકે ઓળખાશે. ગેઝેટના હેતુવાળું સોગંદનામું મુજબ હવેથી મારા તમામ સરકારી, કાનૂની, શૈક્ષણિક, બેકિંગ તથા અન્ય તમામ દસ્તાવેજોમાં મારૂં નામ ‘‘વિજયકુમાર કેશુભાઈ મકવાણા’’ તરીકે જ વાંચવું અને માન્ય ગણવું. અગાઉનું અને હાલનું બંને નામ એક જ વ્યકિતના છે.

સ્થળ : બાબરા

સહી
(વિજયકુમાર કેશુભાઈ મકવાણા)

## બગસરા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | મગફળી | ૧૧૮૫ | ૧૧૮૫ |
| ૨ | ઘઉં લોકવન | ૪૪૫ | ૪૮૧ |
| ૩ | મેથી | ૧૧૫૫ | ૧૨૫૫ |
| ૪ | ઘઉં ટુકડા | ૪૭૨ | ૪૮૧ |
| ૫ | જુવાર | ૧૦૫૫ | ૧૦૫૫ |
| ૬ | ચણા | ૯૯૦ | ૧૧૩૪ |
| ૭ | બાજરો | ૩૮૫ | ૩૮૫ |
| ૮ | ધાણા | ૨૬૦૦ | ૨૮૫૦ |
| ૯ | શીંગફાડા | ૧૫૩૫ | ૧૫૩૫ |
| ૧૦ | શીંગદાણા | ૧૭૫૦ | ૧૮૫૦ |
| ૧૧ | સોયાબીન | ૧૩૫૦ | ૧૪૯૦ |
| ૧૨ | તલ સફેદ | ૧૭૦૦ | ૨૪૭૦ |
| ૧૩ | મગ | ૧૪૨૫ | ૧૪૨૫ |
| ૧૪ | લસણ | ૧૧૦૦ | ૧૧૦૦ |

પાના ૮ ઉપરનું ચાલું
## વડિયાનો સુરવો જળાશય

હતું જેના કારણે ડેમ ખાલી થઈ ગયો છે. જેના કારણે ડેમ સિવાય વિસ્તારના તમામ નાના–મોટા ચેકડેમો અને સ્થાનિક જીલ્લા (જળ સ્ત્રોતો) પણ સુકાઈને તળિયા ઝાટક થઈ ગયા છે. કુદરતી જળ સ્ત્રોતોમાં પાણી ન રહેતા સમગ્ર પંથક ભારે જળસંકટનો સામનો કરી રહ્યો છે.

વર્તમાન પરિસ્થિતિ અંગે સરપંચ મનીષ ઢોલરીયાએ જણાવ્યું કે, ‘ હાલમાં ગામમાં માત્ર નર્મદા યોજના અંતર્ગત જે પાણી આવી રહ્યું છે, તેમાંથી જ જેમ–તેમ કરીને પાણીનું વિતરણ કરવામાં આવી રહ્યું છે. અત્યારે અમે માંડ દર ૩ દિવસે લોકોને પીવાનું પાણી પૂરૂં પાડી શકીએ છીએ. હાલ વરસાદ ખેંચાયો છે અને જો આગામી દિવસોમાં વધુ ખેંચાશે અને જો આગામી દિવસોમાં નર્મદાના પાણીની આવક કે લાઈનનું સેટિંગ યોગ્ય નહી થાય તો અમારે મજબૂરીવશ દર ૪ થી ૫ દિવસે પાણી આપવાની નોબત આવી શકે છે.’

આ કાયમી અને ગંભીર સમસ્યાના ઉકેલ માટે વડિયા ગામના સરપંચે રાજય સરકારને ભાવભરી અપીલ કરી છે. તેમણે જણાવ્યું છે કે સરકારની મહત્વકાંક્ષી ‘સૌની યોજના’ અંતર્ગત વડિયાના સુરવો ડેમને નર્મદાના નીરથી ભરી દેવામાં આવે તો જ વડિયા ગામ અને સીમ વિસ્તારના ખેડૂતોને પૂરતું પાણી મળી રહે તેમ છે. આ બાબતે સરપંચ ટૂંક સમયમાં જ સરકારના સંબંધિત વિભાગ અને મંત્રીઓને લેખિતમાં પણ રજૂઆત કરવા જઈ રહ્યા છે, જેથી વડિયાની જનતાને આ ભયંકર પાણીની તંગીમાંથી મુકિત મળી શકે.

## જાહેર નોટિસ

અમો નીચે સહી કરનાર એડવોકેટ સાબીર એમ. મોગલ રહે. અમરેલી આ જાહેર નોટીસ દ્વારા જાહેર જનતાને જાણ કરીએ છીએ કે અમારા અસીલ હુસેનાબેન સતારભાઈ કલાણીયા વા./ઓ. જાવીદભાઈ હારૂનભાઈ ડેરૈયા રહે. દામનગર, તા.લાઠી, જિ.અમરેલી વાળા લોનના તારણ પેટે લોક સીકયુરીટી અન્વયે નીચે જણાવેલ મિલકત તારણમાં મુકવા માંગે છે. જેની વિગતો નીચે મુજબ છે.

૧) અમારા અસીલ હુસેનાબેન સતારભાઈ કલાણીયા વા./ઓ. જાવીદભાઈ હારૂનભાઈ ડેરૈયા રહે. દામનગર તા.લાઠી જિ.અમરેલી વાળા મિલકત જે અમરેલી જિલ્લાના લાઠી તાલુકાના મોજે. ઈગોરાળાના ગામે આવેલ સર્વે નં.૧૭૯ પૈકી ૩ ચો.મી., ૭૯૫૬.૦૦, સર્વે નં. ૧૭૯ પૈકી ૪ ચો.મી., ૭૯૧૫.૦૦ રજીસ્ટર દસ્તાવેજ નં. ૨૨ તા. ૧૦/૦૧/૨૦૧૩ તથા સર્વે નં. ૧૭૯ પૈકી ૧ ચો.મી., ૪૦૪૭.૦૦ રજીસ્ટર દસ્તાવેજ નં. ૨૧ તા.૨૧/૦૧/૨૦૧૩ ના રોજ ખરીદ કરેલ છે. સદરહુ મિલકત અમારા ઉપરોકત અસીલ પંજાબ નેશનલ બેંક અમરેલી શાખામાં તારણમાં મુકવા માંગે છે અને તે મતલબનું સદરહુ મિલકત સબંધે ટાઈટલ કલીયરન્સ રિપોર્ટની અમો પાસે માંગણી કરેલ છે અને અમારા અસીલની સુચના અનુસાર સદરહુ મિલકતોના અસલ વેચાણ દસ્તાવેજો શરતચૂકથી ખોવાઈ ગયેલ છે અથવા ચોરાઈ ગયેલ છે. રજીસ્ટર દસ્તાવેજ નં. ૨૨ તા. ૧૦/૦૧/૨૦૧૩ અન્વયે પોલીસમાં જાણ કરતા તા. ૨૩/૦૬/૨૦૨૬ ના રોજ દામનગર પોલીસ સ્ટેશન દ્વારા તા.૨૩/૦૬/૨૦૨૬ ના રોજ દાખલો આપી જણાવવામાં આવેલ છે કે, સદરહુ દસ્તાવેજ તપાસ દરમિયાન મળી આવેલ નથી. દસ્તાવેજ નં. ૨૧ તા.૧૦–૦૧–૨૦૧૩ તથા તે અગાઉના દસ્તાવેજ નં. ૧૦૮૨ તા.૨૪–૧૨–૨૦૧૦ અને ૧૦૮૩ તા.૨૪/૧૨/૨૦૧૦ કે જે સબરજીસ્ટાર ઓફીસ, લાઠી ખાતે નોંધાયેલ છે તે અન્વયે લાઠી પોલીસ સ્ટેશનમાં તા.૧૯/૦૬/૨૦૨૬ ના રોજ લેખિત જાણ કરવામાં આવેલ છે અને તે અંગે તપાસ ચાલુ છે. આમ, સદરહુ મિલકત સબંધે અમારા અસીલ ના સદરહુ મિલકત સબંધે વેચાણ દસ્તાવેજ કરી આપેલ હોય અથવા તો સદરહુ મિલકતમાં કોઈપણ વંશ, વાલી, વારસો, કોઈ ઈસમ, વ્યકિત, નાણાકીય સંસ્થા, સરકારી કે અર્ધસરકારી સંસ્થાનુ લેણું હોય કે તેના પર બોજો કરવામાં આવેલ હોય અથવા કોઈ ઈસમ, વ્યકિત નો લાગ–ભાગ, હકક–હિસ્સો હોય તો આ નોટીસ પ્રસિધ્ધ થયેથી દિન–૦૩ માં લેખિત આધાર પુરાવાઓ સાથે નીચે જણાવેલ સરનામે લેખિત કે રજી. પોસ્ટ એ.ડી. થી જણાવવું અન્યથા તે અંગે કોઈ ને હરકત, વાંધા, તકરાર નથી અને હોય તો સ્વૈચ્છિક રીતે જતા (વેઈવ) કરે છે. તેમ માનીને તેઓને અમારા તરફથી ટાઈટલ કલીયરન્સ આપવામાં આવશે. ઉપરોકત સમય વીત્યા બાદ તે અંગેની કોઈપણ તકરાર ગ્રાહ્ય રાખવામાં આવશે નહિ. જેની લાગતા વળગતા બધાએ નોંધ લેવી.

**સ્થળ : અમરેલી**
**તારીખ : ૨૭/૦૬/૨૦૨૬**
**સરનામું:–૨૧–૨૫ બીજા માળે,**
**નાગનાથ કોમ્પ્લેક્ષ, નાગનાથ મંદિર પાસે,**
**અમરેલી–૩૬૫૬૦૧**
**મો. ૯૪૨૬૨ ૧૭૪૨૭, ૯૫૧૦૬ ૩૮૩૯૩**

**સાબિર એમ. મોગલ**
**એડવોકેટ**

## ધારી માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | કપાસ | ૧૬૩૫ | ૧૬૩૫ |
| ૨ | મગફળી | ૧૦૦૦ | ૧૧૩૫ |
| ૩ | ઘઉં લોકવન | ૪૩૫ | ૪૫૪ |
| ૪ | ચણા | ૧૧૨૧ | ૧૧૨૧ |
| ૫ | તુવેર | ૧૦૧૦ | ૧૪૩૫ |
| ૬ | મગ | ૧૬૭૫ | ૧૬૭૫ |
| ૭ | તલ સફેદ | ૧૨૮૦ | ૨૨૯૦ |
| ૮ | મેથી | ૧૦૦૦ | ૧૨૯૦ |
| ૯ | શીંગ દાણા | ૧૫૧૫ | ૧૮૪૦ |
| ૧૦ | શીંગ ફાડા | ૧૪૮૦ | ૧૫૪૦ |
| ૧૧ | એરંડા | ૧૩૦૦ | ૧૩૬૧ |
| ૧૨ | સોયાબીન | ૧૧૦૦ | ૧૧૦૦ |

### કેન્દ્રીય ગૃહ અને સહકાર મંત્રી અમિત શાહના હસ્તે સેવાનો શુભારંભ

# ગુજરાતમાં નવી સહકારી આધારિત ‘ભારત ટેક્સી’ સેવાનો સત્તાવાર પ્રારંભ

### અમિત શાહે સ્પષ્ટ કર્યું કે ભારત ટેક્સી કોઈનું નુકસાન કરવા માટે નહીં, પરંતુ લાખો સારથીઓના હિત અને સશક્તિકરણ માટે શરૂ કરવામાં આવી છે

ગાંધીનગર, તા.૨૭

ગુજરાતમાં આજથી નવી સહકારી આધારિત ‘ભારત ટેક્સી’ સેવાનો સત્તાવાર પ્રારંભ કરવામાં આવ્યો છે. કેન્દ્રીય ગૃહ અને સહકાર મંત્રી અમિત શાહના હસ્તે આ સેવાનો શુભારંભ કરવામાં આવ્યો હતો. રાજ્યના ૧૪ શહેરોમાં એકસાથે શરૂ થયેલી આ સેવા ડ્રાઈવરોને આર્થિક રીતે સશક્ત બનાવવાના ઉદ્દેશ સાથે શરૂ કરવામાં આવી છે.ભારત ટેક્સી સેવાની શરૂઆત અમદાવાદ, વડોદરા, સુરત, રાજકોટ, મહેસાણા, આણંદ, જૂનાગઢ, જામનગર અને ભાવનગર સહિત રાજ્યના વિવિધ શહેરોમાં કરવામાં આવી છે. આ પ્રસંગે રાજ્યભરના ૪ હજારથી વધુ સારથીઓ (ડ્રાઈવરો) ઉપસ્થિત રહ્યા હતા.ભારત ટેક્સીનું સૌથી મોટું આકર્ષણ એ છે કે તેમાં ટેક્સી ચલાવનાર સારથી જ પોતાના વાહનનો માલિક હશે. ઉપરાંત, આ મોડલમાં ડ્રાઈવરો પાસેથી કોઈ કમિશન લેવામાં આવશે નહીં. એટલે કે, ડ્રાઈવરને મળતું ભાડું સંપૂર્ણપણે તેના ખાતામાં જમા થશે. “ઝીરો ટકા કમિશન અને ૧૦૦ ટકા કમાણી”ના સૂત્ર સાથે શરૂ કરાયેલી આ સેવા હાલની એપ આધારિત ટેક્સી સેવાઓ માટે પડકારરૂપ બની શકે છે. કાર્યક્રમ દરમિયાન વિવિધ સંસ્થાઓ વચ્ચે સમજૂતી કરારો (MoU) પર પણ હસ્તાક્ષર કરવામાં આવ્યા હતા. સહકારી મોડલ પર આધારિત આ પહેલથી રાજ્યના લાખો ડ્રાઈવરોને સીધો લાભ મળશે તેવી આશા વ્યક્ત કરવામાં આવી છે.

ભારત ટેક્સી સાથે જોડાયેલા સારથીઓએ જણાવ્યું હતું કે, અન્ય ખાનગી કંપનીઓમાં કમિશન કપાઈ જતાં તેમની આવક પર અસર થતી હતી, જ્યારે ભારત ટેક્સીમાં કોઈપણ પ્રકારનું કમિશન કાપવામાં આવતું નથી અને ભાડાની રકમ સીધી ડ્રાઈવરને મળે છે. આ ઉપરાંત, મહિલા મુસાફરોની સુરક્ષાને ધ્યાનમાં રાખીને મહિલા ગ્રાહકોને મહિલા સારથી પસંદ કરવાનો વિકલ્પ પણ આપવામાં આવશે. જેના કારણે મહિલાઓ માટે મુસાફરી વધુ સુરક્ષિત અને અનુકૂળ બનશે.ગુજરાતમાં હાલમાં ૧.૫ લાખથી વધુ સારથીઓ જોડાયેલા હોવાનું જણાવવામાં આવ્યું છે. સહકારી ક્ષેત્રની આ નવી પહેલ રાજ્યના પરિવહન ક્ષેત્રમાં મહત્વપૂર્ણ પરિવર્તન લાવશે તેવી અપેક્ષા વ્યક્ત કરવામાં આવી રહી છે. ગુજરાતમાં ‘ભારત ટેક્સી’ સેવાના શુભારંભ પ્રસંગે કેન્દ્રીય ગૃહ અને સહકાર મંત્રી અમિત શાહે જણાવ્યું હતું કે, આજના સમયમાં ટેક્સીની જરૂરિયાત ઘર-ઘર સુધી પહોંચી ગઈ છે અને તેના વ્યાપમાં સતત વધારો થઈ રહ્યો છે. તેમણે કહ્યું કે, ગુજરાતીઓ પહેલાથી જ પૈસાનું મૂલ્ય સારી રીતે સમજે છે અને સહકારી મોડલ પર શરૂ થયેલી ભારત ટેક્સી સેવા સારથીઓ માટે નવી આશા બની રહેશે.અમિત શાહે જણાવ્યું હતું કે, હવે માત્ર કાર જ નહીં પરંતુ રિક્ષાની પણ ટેક્સી તરીકે ગણતરી થશે. ભારત ટેક્સીમાં ફોર-વ્હીલર, ટુ-વ્હીલર અને થ્રી-વ્હીલર તમામ પ્રકારના વાહનોનો સમાવેશ કરવામાં આવ્યો છે, જેથી વધુમાં વધુ સારથીઓ આ પહેલ સાથે જોડાઈ શકે.

તેમણે ભારપૂર્વક જણાવ્યું કે, “અમે ડ્રાઈવરને માત્ર ડ્રાઈવર નહીં પરંતુ સારથી માનીએ છીએ.” છેલ્લા કેટલાક વર્ષોમાં કેટલીક ખાનગી કંપનીઓ દ્વારા સારથીઓનું શોષણ થયું હોવાની ફરિયાદો સામે આવી હતી. કેટલીક કંપનીઓ ભાડાની યોગ્ય રકમ આપતી નહતી, જ્યારે કેટલીક કંપનીઓ ડ્રાઈવરોની રજૂઆતો સાંભળવા પણ તૈયાર નહતી.

અમિત શાહે કહ્યું કે, ભારત ટેક્સી હેઠળ સારથીઓ અને ગ્રાહકો બંનેનું શોષણ નહીં થાય. આ સેવા સહકારી મોડલ પર આધારિત હોવાથી સારથીઓને સુરક્ષા, સન્માન અને સમૃદ્ધિ મળશે. તેમણે ઉમેર્યું કે સારથીઓનું સન્માન થવું જોઈએ અને આ જ ભાવના સાથે ભારત ટેક્સીની શરૂઆત કરવામાં આવી છે.

### પાંચ વિઘામાંથી હવે ૫ થી ૭ લાખની આવક

# લાઠીના ખેડૂતો ઇઝરાયેલી ખારેકની ખેતીથી બન્યા અન્ય ખેડૂતો માટે પ્રેરણારૂપ



અમરેલી, તા. ૨૭

લાઠી : અમરેલી જિલ્લાના લાઠી શહેર અને આસપાસના ગ્રામ્ય વિસ્તારમાં પરંપરાગત ખેતી સાથે હવે બાગાયતી ખેતીનું મહત્વ સતત વધી રહ્યું છે. કપાસ, મગફળી, ઘઉં અને અન્ય પરંપરાગત પાકોની ખેતી કરતા ખેડૂતો હવે વધુ નફાકારક અને આધુનિક પાકોની ખેતી તરફ આગળ વધી રહ્યા છે. આવી જ એક સફળતા લાઠીના બે પ્રગતિશીલ ખેડૂતો દ્વારા ઈઝરાયેલી જાતની ખારેક (ખજૂર)ની ખેતીમાં જોવા મળી છે, જેઓએ પાંચ વિઘા જમીનમાંથી લાખોની આવક મેળવી અન્ય ખેડૂતો માટે પ્રેરણાદાયી ઉદાહરણ પૂરૂં પાડયું છે.

લાઠીના ખેડૂત વિનુભાઈ ભાટીયાએ પાંચ વિઘા જમીનમાં પ્રથમ વખત ખારેકનું વાવેતર કર્યું હતું. શરૂઆતમાં તેમને પણ આ પાક અંગે શંકા હતી, પરંતુ યોગ્ય માર્ગદર્શન અને મહેનતના પરિણામે ખારેકના છોડનો સારો વિકાસ થયો અને ઉત્તમ ઉત્પાદન મળવા લાગ્યું. વિનુભાઈના જણાવ્યા અનુસાર અગાઉ આ જ જમીનમાં પરંપરાગત ખેતી દ્વારા વર્ષ દરમિયાન અંદાજે ૫૦ થી ૭૦ હજાર રૂપિયાની આવક થતી હતી, જયારે હવે ખારેકની ખેતીમાંથી અંદાજે ૫ લાખ રૂપિયા જેટલી આવક મળી રહી છે. આગામી વર્ષોમાં ઉત્પાદન વધતા આ આવક ૭ થી ૮ લાખ રૂપિયા સુધી પહોંચવાની આશા વ્યકત કરવામાં આવી રહી છે.આ ઉપરાંત લાઠીના ખેડૂત રણછોડભાઈ સાબલપરાએ પણ ઈઝરાયેલી જાતની ખારેકનું પાંચ વિઘામાં વાવેતર કર્યુ હતું. પ્રથમ જ વર્ષે તેમને સારો પ્રતિસાદ અને નોંધપાત્ર ઉત્પાદન મળતાં તેઓએ આ વર્ષે ખેતી વિસ્તાર વધારીને ૧૦ વિઘા સુધી પહોંચાડયો છે. રણછોડભાઈના જણાવ્યા અનુસાર એક ખારેકના છોડમાંથી અંદાજે પાંચ મણ જેટલું ઉત્પાદન મળે છે. બજારમાં ઈઝરાયેલી ખારેકનો ભાવ સરેરાશ ૧૦૦ રૂપિયા પ્રતિ કિલો સુધી મળતો હોવાથી એક છોડમાંથી અંદાજે ૫ હજારથી ૧૦ હજાર રૂપિયા સુધીની આવક થઈ શકે છે.ખેડૂતોના જણાવ્યા મુજબ ખારેકની ખેતીમાં અન્ય પાકોની સરખામણીએ મેન્ટેનન્સ ખર્ચ ખૂબ ઓછો આવે છે. એકવાર છોડ સારી રીતે વિકસિત થઈ જાય પછી તેની સંભાળ માટે ઓછો ખર્ચ થાય છે. બીજી તરફ બજારમાં ખારેકની માંગ સતત વધતી હોવાથી હોલસેલ માર્કેટમાં પણ સારા ભાવ મળી રહે છે. પરિણામે ખેડૂતોને ખર્ચની સરખામણીએ વધુ નફો મળી રહ્યો છે.

લાઠી વિસ્તારમાં ખારેકના સફળ બગીચાઓને જોઈને અન્ય ખેડૂતોમાં પણ આ ખેતી પ્રત્યે રસ વધ્યો છે. ખેડૂત કાંતિભાઈ રણછોડભાઈએ જણાવ્યું હતું કે તેમણે ખારેકના બગીચાની મુલાકાત લઈને પાકની સ્થિતિ અને આવક અંગે માહિતી મેળવી હતી. સારા ઉત્પાદન અને ઓછા ખર્ચને ધ્યાનમાં રાખીને તેઓ પણ આગામી વર્ષે ખારેકનું વાવેતર કરવાની તૈયારી કરી રહ્યા છે.

ખેડૂતોનું માનવું છે કે બદલાતા સમયમાં નવી ટેકનોલોજી અને બજારલક્ષી પાકો અપનાવવાથી ખેતી વધુ નફાકારક બની શકે છે. લાઠીના ખેડૂતો દ્વારા ઈઝરાયેલી ખારેકની ખેતીમાં પ્રાપ્ત થયેલી સફળતા સમગ્ર વિસ્તારમાં બાગાયતી ખેતી માટે નવી દિશા દર્શાવી રહી છે. ઓછો ખર્ચ, સારા બજાર ભાવ અને લાખોની આવકને કારણે ખારેકની ખેતી ખેડૂતો માટે આર્થિક સમૃદ્ધિનું અસરકારક સાધન બની રહી છે.

**આપના સમાચાર માટે ૫૦૦ શબ્દનું આકર્ષક લેખ અને હેડલાઈન :** પાંચ વિઘામાંથી હવે ૫ થી ૭ લાખની આવક ! લાઠીના ખેડૂતો ઈઝરાયેલી ખારેકની ખેતીથી બન્યા અન્ય ખેડૂતો માટે પ્રેરણા લાઠી : અમરેલી જિલ્લાના લાઠી શહેર અને આસપાસના ગ્રામ્ય વિસ્તારમાં પરંપરાગત ખેતી સાથે હવે બાગાયતી ખેતીનું મહત્વ સતત વધી રહ્યું છે. કપાસ, મગફળી, ઘઉં અને અન્ય પરંપરાગત પાકોની ખેતી કરતા ખેડૂતો હવે વધુ નફાકારક અને આધુનિક પાકોની ખેતી તરફ આગળ વધી રહ્યા છે. આવી જ એક સફળતા લાઠીના બે પ્રગતિશીલ ખેડૂતો દ્વારા ઈઝરાયેલી જાતની ખારેક (ખજૂર)ની ખેતીમાં જોવા મળી છે, જેઓએ પાંચ વિઘા જમીનમાંથી લાખોની આવક મેળવી અન્ય ખેડૂતો માટે પ્રેરણાદાયી ઉદાહરણ પૂરૂં પાડયું છે.લાઠીના ખેડૂત વિનુભાઈ ભાટીયાએ પાંચ વિઘા જમીનમાં પ્રથમ વખત ખારેકનું વાવેતર કર્યું હતું. શરૂઆતમાં તેમને પણ આ પાક અંગે શંકા હતી, પરંતુ યોગ્ય માર્ગદર્શન અને મહેનતના પરિણામે ખારેકના છોડનો સારો વિકાસ થયો અને ઉત્તમ ઉત્પાદન મળવા લાગ્યું. વિનુભાઈના જણાવ્યા અનુસાર અગાઉ આ જ જમીનમાં પરંપરાગત ખેતી દ્વારા વર્ષ દરમિયાન અંદાજે ૫૦ થી ૭૦ હજાર રૂપિયાની આવક થતી હતી, જયારે હવે ખારેકની ખેતીમાંથી અંદાજે ૫ લાખ રૂપિયા જેટલી આવક મળી રહી છે. આગામી વર્ષોમાં ઉત્પાદન વધતા આ આવક ૭ થી ૮ લાખ રૂપિયા સુધી પહોંચવાની આશા વ્યકત કરવામાં આવી રહી છે.

આ ઉપરાંત લાઠીના ખેડૂત રણછોડભાઈ સાબલપરાએ પણ ઈઝરાયેલી જાતની ખારેકનું પાંચ વિઘામાં વાવેતર કર્યું હતું. પ્રથમ જ વર્ષે તેમને સારો પ્રતિસાદ અને નોંધપાત્ર ઉત્પાદન મળતાં તેઓએ આ વર્ષે ખેતી વિસ્તાર વધારીને ૧૦ વિઘા સુધી પહોંચાડ્યો છે. રણછોડભાઈના જણાવ્યા અનુસાર એક ખારેકના છોડમાંથી અંદાજે પાંચ મણ જેટલું ઉત્પાદન મળે છે. બજારમાં ઈઝરાયેલી ખારેકનો ભાવ સરેરાશ ૧૦૦ રૂપિયા પ્રતિ કિલો સુધી મળતો હોવાથી એક છોડમાંથી અંદાજે ૫ હજારથી ૧૦ હજાર રૂપિયા સુધીની આવક થઈ શકે છે.

ખેડૂતોના જણાવ્યા મુજબ ખારેકની ખેતીમાં અન્ય પાકોની સરખામણીએ મેન્ટેનન્સ ખર્ચ ખૂબ ઓછો આવે છે. એકવાર છોડ સારી રીતે વિકસિત થઈ જાય પછી તેની સંભાળ માટે ઓછો ખર્ચ થાય છે. બીજી તરફ બજારમાં ખારેકની માંગ સતત વધતી હોવાથી હોલસેલ માર્કેટમાં પણ સારા ભાવ મળી રહે છે. પરિણામે ખેડૂતોને ખર્ચની સરખામણીએ વધુ નફો મળી રહ્યો છે.લાઠી વિસ્તારમાં ખારેકના સફળ બગીચાઓને જોઈને અન્ય ખેડૂતોમાં પણ આ ખેતી પ્રત્યે રસ વધ્યો છે. ખેડૂત કાંતિભાઈ રણછોડભાઈએ જણાવ્યું હતું કે તેમણે ખારેકના બગીચાની મુલાકાત લઈને પાકની સ્થિતિ અને આવક અંગે માહિતી મેળવી હતી. સારા ઉત્પાદન અને ઓછા ખર્ચને ધ્યાનમાં રાખીને તેઓ પણ આગામી વર્ષે ખારેકનું વાવેતર કરવાની તૈયારી કરી રહ્યા છે.ખેડૂતોનું માનવું છે કે બદલાતા સમયમાં નવી ટેકનોલોજી અને બજારલક્ષી પાકો અપનાવવાથી ખેતી વધુ નફાકારક બની શકે છે. લાઠીના ખેડૂતો દ્વારા ઈઝરાયેલી ખારેકની ખેતીમાં પ્રાપ્ત થયેલી સફળતા સમગ્ર વિસ્તારમાં બાગાયતી ખેતી માટે નવી દિશા દર્શાવી રહી છે. ઓછો ખર્ચ, સારા બજાર ભાવ અને લાખોની આવકને કારણે ખારેકની ખેતી ખેડૂતો માટે આર્થિક સમૃદ્ધિનું અસરકારક સાધન બની રહી છે.ઉનાળામાં ૫૦–૭૦ હજારની આવક આપતી જમીન હવે આપી રહી છે ૫ થી ૭ લાખ રૂપિયા, ઈઝરાયેલી ખારેકની ખેતીથી ખેડૂતોને મળ્યો મોટો નફો.

### ૮૦૧ બુથ ઉપર સઘન પલ્સ પોલિયો અભિયાન, ૧૫૬ સુપરવાઈઝરોની નિમણુક

# અમરેલી જિલ્લામાં આજે ૧.૨૮ લાખથી વધુ બાળકોને પોલિયોના ટીપા પીવડાવાશે

### શાળાઓ અને જાહેર સ્થળોએ પણ પોલિયો માટે બુથ શરૂ કરાશે

અમરેલી, તા. ૨૭

અમરેલી જિલ્લામાં આવતી કાલે ૨૮ જૂનથી સઘન પલ્સ પોલિયો રસીકરણ અભિયાન હાથ ધરવામાં આવનાર છે. આ અંતર્ગત જિલ્લાના અંદાજે ૧,૨૮,૭૮૨ બાળકોને બાળ લકવા વિરોધી ટીપા પીવડાવવા માટે ૮૦૧ પોલિયો બુથ કાર્યરત કરાશે. સમગ્ર કામગીરીનું સુચારૂ આયોજન માટે ૧૫૬ સુપરવાઈઝરોની નિમણુક કરવામાં આવી છે.

અમરેલી જિલ્લા સેવાસદન ખાતે જિલ્લા વિકાસ અધિકારી કે.જે. જાડેજાના અધ્યક્ષસ્થાને જિલ્લા પંચાયત આરોગ્ય શાખાની વિવિધ સમિતિઓની બેઠક યોજાઈ હતી. બેઠકમાં રસીકરણ, સંચારી રોગ નિયત્રણ, મચ્છરજન્ય રોગચાળો અને તમાકુ નિયંત્રણ સહિતના મુદ્દાઓની સમીક્ષા કરવામાં આવી હતી.

આ બેઠકમાં અગાઉના રસીકરણ કાર્યક્રમમાં બાકી રહી ગયેલા બાળકોનું ઝડપથ વેકિસનેશન પૂર્ણ કરવા તેમજ ફિલ્ડ સર્વે વધારી રસીકરણની કામગીરી વધુ ધનિષ્ઠ બનાવવા સુચના આપવામાં આવી હતી. જિલ્લામાં હાલ કોઈ સંચારી રોગચાળો નોંધાયો નથી અને ચોમાસાની ૠતુમાં સીઝનલ ફલુ જેવી સ્થિતિ સર્જાય તો તેનો સામનો કરવા માટે આરોગ્ય વિભાગ પાસે ટ્રીપલ લેયર માસ્ક, ટેસ્ટિંગ કીટ અને જરૂરી દવાઓનો પૂરતો જથ્થો ઉપલબ્ધ હોવાનું બેઠકમાં જણાવાયું હતું.

ચોમાસાને ધ્યાનમાં રાખીને મચ્છરજન્ય રોગચાળો અટકાવવા પીવાના પાણીના કલોરિનેશન, ફોગિંગ અને અન્ય નિયંત્રણાત્મક પગલાં વધુ અસરકારક રીતે અમલમાં મુકવા અધિકારીઓને સુચનાઓ આપવામાં આવી હતી. રાષ્ટ્રીય તમાકુ નિયંત્રણ કાર્યક્રમની સમીક્ષા દરમિયાન એપ્રિલથી મે દરમિયાન જિલ્લામાં તમાકુ નિયંત્રણ કાયદાની ભંગ બદલ કુલ ૪૬૭ કેસ નોંધાઈ રૂપિયા ૩૬ હજારથી વધુના દંડની વસુલાત કરવામાં આવી હોવાનું પણ બેઠકમાં જણાવાયું હતું.

# લીલીયા મોટામાં મોહરમ પર્વની ઉજવણી



લીલીયા, તા. ૨૭

લીલીયા હઝરત ઈમામ હુસૈન અને શહીદે કરબલા વાળાની યાદમાં પવિત્ર મોહરમ પર્વની લીલીયા મોટા ખાતે પરંપરાગત અને ધામધૂમપૂર્વક ઉજવણી કરવામાં આવી આ નિમિત્તે વિવિધ ધાર્મિક અને સામાજિક કાર્યક્રમો યોજાયા હતા, જેમાં સમગ્ર ગ્રામજનો ઉત્સાહભેર જોડાયા હતા. લીલીયા સુન્ની મુસ્લિમ જમાત તેમજ તખત ગ્રુપ દ્વારા ભારે જહેમત ઉઠાવીને આકર્ષક અને કલાત્મક તાજિયાનું નિર્માણ કરવામાં આવ્યું હતું. આ તાજિયા લીલીયા શહેરના મુખ્ય બજારો અને રાજમાર્ગો પર ફર્યા હતા ત્યારે તેને નિહાળવા લોકોની ભારે ભીડ ઉમટી પડી હતી. સાથે સાથે દર વર્ષની પરંપરા મુજબ આ વર્ષે પણ ‘સબર ગ્રુપ’ દ્વારા મોહરમ પર્વ નિમિત્તે સતત ૧૦ દિવસ સુધી ન્યાઝ તેમજ ઠંડા પીણાં અને નાસ્તાની ખૂબ સુંદર વ્યવસ્થા કરવામાં આવી હતી. જયારે આ ધાર્મિક ઉત્સવમાં લીલીયા મોટામાં કોમી એકતા અને અખંડિતતાના અદભુત દર્શન થયા હતા. આ તકે જિલ્લા પંચાયત સદસ્ય જીગ્નેશ સાવજ, તાલુકા પંચાયત પ્રમુખ જગદીશભાઈ દેથલીયા, સરપંચ વિજય શેખલિયા ભીખાભાઈ ધોરાજીયા, વિજય કોગથીયા, ભનુભાઈ ડાભી, નીતિનભાઈ ત્રિવેદી, વિજય વિરાણી, કેપ્ટન ધામત સહિત ભાજપ, કોંગ્રેસ તેમજ આમ આદમી પાર્ટી (આપ)ના સ્થાનિક નેતાઓ અને અગ્રણીઓએ ખાસ ઉપસ્થિત રહીને કલાત્મક તાજિયાના દર્શન કર્યા હતા. તમામ પક્ષના નેતાઓએ મુસ્લિમ બિરાદરોને મહોરમ પર્વની મુબારકબાદી પાઠવીને પરસ્પર ભાઈચારો અને કોમી એકતાનું એક પ્રેરણાદાયી ઉદાહરણ પૂરૂં પાડયું હતું ત્યારે મોહરમ પર્વ નિમિત્તે કોઈ અનિચ્છનીય બનાવ ન બને તેવા શુભ હેતુથી પી.આઈ. એમ.ડી. સાળુંકેની સૂચના અને માર્ગદર્શન તળે લીલીયા પોલીસ દ્વારા ચુસ્ત પોલીસ બંદોબસ્ત ગોઠવવામા આવ્યો હતો તેમ ઈમરાન પઠાણની અખબારી યાદીમાં જણાવેલ છે.


**PUBLIC NOTICE**

I, Vijaykumar Keshavbhai Makwana, Adult, Residing at: Chamardi, Taluka Babra, Dist Amreli hereby declare that I have corrected my father's name. My previous name was "Vijaykumar Keshavbhai Makwana", Which shall henceforth be read and know as "Vijaykumar Keshubhai Makwana." As per the affidavit executed for the purpose of Gazette publication, henceforth, for all Government, Legal, Educational, Banking and all other purposes, my name shall be "Vijaykumar Keshubhai Makwana." Both the names refer to one and the same person.

Sd/-

Place : babra (Vijaykumar Keshubhai Makwana)


# ગુસ્સા પર નિયંત્રણ મેળવવા માટે "THINK" એક અસરકારક એકસરસાઇઝ, મનોવૈજ્ઞાનિકની સલાહ

અમરેલી, તા. ૨૭

આજના ઝડપી જીવનમાં ગુસ્સો એક સામાન્ય લાગણી બની ગઈ છે. બાળક હોય કે વૃદ્ધ, દરેક વ્યકિતને કોઈને કોઈ કારણસર ગુસ્સો આવે છે. ઘણી વખત ગુસ્સામાં વ્યકિત એવા શબ્દો બોલી જાય છે કે જેનાથી સંબંધોમાં તિરાડ પડી શકે છે. જોકે, જો ગુસ્સો આવે તે પહેલાં થોડું વિચારી લેવામાં આવે તો તેને સરળતાથી નિયંત્રિત કરી શકાય છે. મનોવૈજ્ઞાનિક રશ્મિબા જાડેજાના જણાવ્યા અનુસાર “THINK” નામની એક સરળ એકસરસાઈઝ ગુસ્સાને રોકવામાં ખૂબ મદદરૂપ બની શકે છે.રશ્મિબા જાડેજા એ જણાવ્યું કે લલ્લુભાઈ અરોગ્ય મંદિર સાવરકુંડલા ખાતે સેવા આપે છે જેઓએ જણાવ્યું કે ગુસ્સો દરેક વ્યકિતને અલગ–અલગ પરિસ્થિતિમાં અને અલગ–અલગ રીતે આવે છે. સૌથી મહત્વની વાત એ છે કે જયારે ગુસ્સો આવવા લાગે ત્યારે તેને ઓળખવો જોઈએ. પોતાની જાતને પૂછવું જોઈએ કે જે વાત માટે ગુસ્સો આવી રહ્યો છે, શું તે ગુસ્સા વગર પણ કહી શકાય છે ? જો તેનો જવાબ હા હોય તો ગુસ્સો કરવાને બદલે શાંતિથી વાત કરવાનો પ્રયાસ કરવો જોઈએ.તેઓ જણાવે છે કે ગુસ્સો આવે તે પહેલાં “THINK” શબ્દના દરેક અક્ષરનો અર્થ સમજવો અને તેના આધારે પોતાની જાતને પ્રશ્ન પૂછવો જોઈએ.T – True (સાચું છે?) સૌથી પહેલા પોતાની જાતને પૂછવું જોઈએ કે જે બાબત માટે હું ગુસ્સે થઈ રહ્યો છું, શું તે ખરેખર સાચી છે ? ઘણી વખત આપણે અધૂરી માહિતી અથવા ગેરસમજના આધારે ગુસ્સે થઈ જઈએ છીએ. જો જવાબ ‘ના’ હોય તો ગુસ્સો કરવાની જરૂર રહેતી નથી.H - Helpful (મદદરૂપ છે ?) પછી વિચારવું જોઈએ કે ગુસ્સો કરવાથી કોઈ સમસ્યાનું સમાધાન થશે કે નહીં ? શું તે પરિસ્થિતિને સુધારવામાં મદદરૂપ બનશે? જો જવાબ ‘ના’ હોય તો ગુસ્સો કરવાથી ફાયદા કરતાં નુકસાન વધારે થઈ શકે છે.I - Inspiring (પ્રેરણાદાયક છે ?) પોતાની જાતને પૂછવું જોઈએ કે મારૂં વર્તન અને મારા શબ્દો કોઈને પ્રેરણા આપશે કે નહીં ? ગુસ્સો સામાન્ય રીતે નકારાત્મક અસર કરે છે, જયારે શાંતિપૂર્ણ વાતચીત સકારાત્મક પરિણામ લાવી શકે છે.N - Necessary (જરૂરી છે ?) છેલ્લે વિચારવું જોઈએ કે આ સમયે ગુસ્સો કરવો ખરેખર જરૂરી છે? ઘણી વખત સમય જતાં સમસ્યાઓ આપોઆપ હલ થઈ જાય છે. જો ગુસ્સો કરવાની જરૂર ન હોય તો તેને ટાળવો વધુ યોગ્ય છે.આ ચાર પ્રશ્નોના જવાબ જો ‘ના’માં મળે તો વ્યકિતનો ગુસ્સો ઘણો ઓછો થઈ શકે છે અથવા સંપૂર્ણપણે શાંત થઈ શકે છે. આ એકસરસાઈઝ વ્યકિતને પોતાની લાગણીઓ પર નિયંત્રણ રાખવામાં મદદ કરે છે અને સંબંધોને પણ મજબૂત બનાવે છે.મનોવૈજ્ઞાનિકોનું માનવું છે કે ગુસ્સો આવવો સ્વાભાવિક છે, પરંતુ તેને કેવી રીતે વ્યકત કરવો તે આપણા હાથમાં છે. કોઈ વ્યકિત સામે ગુસ્સો કરવા કરતાં શાંતિ, ધીરજ અને પ્રેમથી પોતાની વાત રજૂ કરવામાં આવે તો સમસ્યાનો ઉકેલ વધુ સરળતાથી આવી શકે છે.ગુસ્સો આવે તે પહેલાં એક ક્ષણ રોકાઈને “THINK” કરો. કદાચ એ એક ક્ષણ તમારા સંબંધો, તમારી શાંતિ અને તમારા જીવનમાં મોટો સકારાત્મક ફેરફાર લાવી શકે છે.



ડો. રશ્મિબા જાડેજા

# પરીક્ષાના એક દિવસ અગાઉ પેપર લીક થતાં મહારાષ્ટ્ર TET એકઝામ મોકૂફ

### ઠાણે વિસ્તારમાંથી પેપર લીક થયાના ઇનપુટ્સ મળ્યા બાદ નિર્ણય લેવાયો : લાખો ઉમેદવારોની મહેનત પર પાણી ફરી વળ્યા

મુંબઈ, તા.૨૭

મહારાષ્ટ્રમાં એકવાર ફરીથી સરકારી પરીક્ષાની વ્યવસ્થા વિવાદોમાં સપડાઈ છે. રાજ્યમાં ૨૮ જૂન ૨૦૨૬ના રોજ યોજાનારી પ્રતિષ્ઠિત શિક્ષક પાત્રતા પરીક્ષા(TET)નું પેપર લીક થવાની આશંકાને કારણે વહીવટીતંત્રે તેને તાત્કાલિક અસરથી રદ કરવાનો મોટો નિર્ણય લીધો છે. પરીક્ષાના ગણતરીના કલાકો પહેલાં જ લેવાયેલા આ કડક નિર્ણયને પગલે શૈક્ષણિક અને રાજકીય વર્તુળોમાં ભારે ચકચાર મચી ગઈ છે.મળતી માહિતી મુજબ, મહારાષ્ટ્રના ઠાણે વિસ્તારમાંથી આ પરીક્ષાનું પ્રશ્નપત્ર(પેપર) લીક થયું હોવાના ચોક્કસ ઈનપુટ્સ અને માહિતી સંબંધિત શિક્ષણ વિભાગ સુધી પહોંચી હતી. આ વિગતો સામે આવ્યા બાદ પરીક્ષાની ગોપનીયતા અને પારદર્શિતા જાળવી રાખવા માટે પ્રશાસને કોઈ પણ જાતનું જોખમ લીધા વિના ૨૮ જૂનની આખી પરીક્ષા રદ કરવાની સત્તાવાર જાહેરાત કરી દીધી છે.શિક્ષણ વિભાગના આ અચાનક આવેલા નિર્ણયથી રાજ્યભરના લાખો ઉમેદવારોને મોટો આંચકો લાગ્યો છે. મોટી સંખ્યામાં વિદ્યાર્થીઓ લાંબા સમયથી આ પરીક્ષા માટે રાત-દિવસ એક કરીને તૈયારી કરી રહ્યા હતા. ઘણા ઉમેદવારો પોતાના પરીક્ષા કેન્દ્રો પર પહોંચવાની તૈયારીઓ પણ પૂર્ણ કરી ચૂક્યા હતા, ત્યારે છેલ્લી ઘડીએ પરીક્ષા રદ થતાં વિદ્યાર્થીઓમાં ભારે નિરાશા અને રોષનો માહોલ જોવા મળી રહ્યો છે. પેપર લીક થવાની આ ઘટના સામે આવ્યા બાદ વહીવટીતંત્રે સમગ્ર મામલાની ઉચ્ચ સ્તરીય તપાસ શરૂ કરી દીધી છે. આ પેપર લીક પાછળ ક્યા કૌભાંડીઓ અને ગેંગ સક્રિય છે તેમજ પ્રશ્નપત્ર કઈ રીતે બહાર આવ્યું, તેની ઝીણવટભરી તપાસ પોલીસ અને સંબંધિત એજન્સીઓ કરી રહી છે. હાલ પૂરતી પરીક્ષા સ્થગિત કરાતા, હવે લાખો ઉમેદવારો આતુરતાપૂર્વક નવી પરીક્ષાની તારીખોની જાહેરાત થાય તેની રાહ જોઈ રહ્યા છે.

### નેતન્યાહૂએ હિઝબુલ્લાહને ચેતવ્યાં

# ઈઝરાયલ-લેબેનોન વચ્ચે આખરે શાંતિ સમજૂતી પર હસ્તાક્ષર

### વોશિંગ્ટનમાં શાંતિ કરારની જાહેરાત થયાના ગણતરીના સમયમાં જ ઇઝરાયલના વડાપ્રધાન બેન્જામિન નેતન્યાહૂએ એક મોટું અને કડક નિવેદન આપ્યું છે

જેરૂસલેમ, તા.૨૭

ઈઝરાયલ અને હિઝબુલ્લાહના લડાકુઓ વચ્ચે ચાલી રહેલા ભીષણ જંગને શાંત કરવા માટે અમેરિકાની મધ્યસ્થતામાં ઘણા દિવસોથી ચાલી રહેલી વાટાઘાટો આખરે સફળ રહી છે. શુક્રવારે વોશિંગ્ટન સ્થિત વિદેશ મંત્રાલયમાં ઈઝરાયલ અને લેબેનોને એક ઐતિહાસિક શાંતિ કરારની રૂપરેખા (ફ્રેમવર્ક એગ્રીમેન્ટ) પર હસ્તાક્ષર કર્યા છે. આ સમજૂતીને બંને દેશો વચ્ચે કાયમી શાંતિ સ્થાપવા તરફનું પ્રથમ અને અત્યંત મહત્વપૂર્ણ પગલું ગણાવવામાં આવી રહ્યું છે.અમેરિકાની હાજરીમાં યોજાયેલા આ કાર્યક્રમમાં અમેરિકામાં લેબેનોનના રાજદૂત નાડા હમાદેહ મોવાદ અને ઈઝરાયલના રાજદૂત યેચિયલ લાઈટર દ્વારા આ ત્રિપક્ષીય દસ્તાવેજ પર સહીઓ કરવામાં આવી હતી. આ પ્રસંગે અમેરિકન વિદેશ મંત્રી માર્કો રુબિયોએ જણાવ્યું હતું કે, “આજે અમે એક એવા પ્રવાસની શરૂઆત કરી છે જે બેશક ઘણો મુશ્કેલ હશે, પરંતુ આ પ્રવાસ અત્યંત મહત્વપૂર્ણ અને અનિવાર્ય છે.” બીજી તરફ, ઈઝરાયલી રાજદૂત લાઈટરે ખૂબ જ મજબૂતાઈથી વાટાઘાટો કરવા બદલ લેબેનોની રાજદૂત હમાદેહની પ્રશંસા કરી હતી. લેબેનોનના રાજદૂતે જણાવ્યું કે આ કરાર લેબેનોનની સાર્વભૌમત્વની પુનઃસ્થાપના અને લોકોની સુરક્ષા માટે પ્રથમ કદમ છે.વોશિંગ્ટનમાં શાંતિ કરારની જાહેરાત થયાના ગણતરીના સમયમાં જ ઈઝરાયલના વડાપ્રધાન બેન્જામિન નેતન્યાહૂએ એક મોટું અને કડક નિવેદન આપ્યું છે. નેતન્યાહૂએ સ્પષ્ટ ચેતવણી આપતા જણાવ્યું છે કે, જ્યાં સુધી આતંકવાદી સંગઠન હિઝબુલ્લાહનું સંપૂર્ણપણે નિઃશસ્ત્રીકરણ (નિરસ્ત્રીકરણ) નહીં થાય, ત્યાં સુધી ઈઝરાયલી સેના દક્ષિણ લેબેનોનમાં પોતાની હાજરી જાળવી રાખશે.જોકે, નેતન્યાહૂએ એમ પણ ઉમેર્યું હતું કે ઈઝરાયલની સેના લેબેનોનની સત્તાવાર આર્મીને બે પ્રાયોગિક વિસ્તારો (એક્સપેરિમેન્ટલ ઝોન) માં નિયંત્રણ લેવાની મંજૂરી આપશે. જેમાં એક વિસ્તાર લેબેનોનની લિતાની નદીની દક્ષિણમાં અને બીજો તેની ઉત્તરમાં આવેલો છે. અધિકારીઓએ હજુ સુધી આ ફ્રેમવર્ક ડીલની સંપૂર્ણ શરતો જાહેર કરી નથી, અને તે અગાઉના ૧૬ એપ્રિલના યુદ્ધવિરામ કરારથી કેવી રીતે અલગ છે તેની વિગતો આવવાની બાકી છે.

મેડિક્લેઈમ સુવિધા તથા GSRTC (ST) માન્ય હોસ્પિટલ
આયુષ્માન કાર્ડ અને PGVCL ના કર્મચારીઓ માટે કેશલેસ સારવાર ઉપલબ્ધ
કાર્યરત વિભાગો
યુરોલોજી વિભાગ (કિડની - પથરી - પ્રોસ્ટેટ)
ગાયનેક અને આઈ.વી.એફ વિભાગ (સ્ત્રી રોગ)
મેડીસીન વિભાગ (ફિઝિશિયન)
બાળરોગ વિભાગ (પીડીયાટ્રીક્સ)
આંખ વિભાગ
ઈ.એન.ટી વિભાગ (કાન-નાક-ગળા)
ઓર્થોપેડિક વિભાગ (હાડકા-સ્નાયુ-સાંધા)
જનરલ સર્જરી વિભાગ
ડાયાલિસીસ વિભાગ
લેબોરેટરી વિભાગ
આયુર્વેદ વિભાગ
ફિઝીયોથેરાપી વિભાગ
24/7 Emergency Services
GUVNL
NABH
PM-JAY
NETRA CHIKITSA TRUST
MULTI SPECIALITY HOSPITAL
Managed by Netra Chikitsa Trust - Amreli
નેત્ર ચિકિત્સા ટ્રસ્ટ મલ્ટિસ્પેશિયાલીટી હોસ્પિટલ
ગોળ હોસ્પિટલ કેમ્પસ, ચિતલ રોડ, અમરેલી-૩૬૫૬૦૧ ગુજરાત.ફોન : (૦૨૭૯૨) ૨૨૦૯૨૦/૨૩૩૦૯૯
એપોઈન્ટમેન્ટ માટે 99789 66629

## ઉનાળાનાં અંતિમ દિવસો અને ચોમાસા પહેલા પાણીનો પોકાર

# વડિયાનો સુરવો જળાશય અને ચેકડેમો તળિયાઝાટક

**જો સમયસર વરસાદ નહી પડે તો ૪ થી ૫ દિવસે પીવાનું પાણી વિતરણ થઈ શકે તેમ છે**

**સૌની યોજનાં હેઠળ જળાશય ભરવા માટે સરપંચે સરકાર સમક્ષ રજૂઆતની કરી તૈયારી**

**ચોમાસામાં એક એક દિવસ વરસાદ વગર મહામુસીબતે પસાર થઈ રહ્યો છે**

**સમગ્ર જિલ્લાનાં ખેડૂતો, વહીવટીતંત્ર, વેપારીઓ, ગૃહિણીઓ સહિત સૌ કોઈ વરસાદની રાહમાં**



અમરેલી, તા. ૨૭

વડિયા ગામ અને આસપાસના વિસ્તારોમાં હાલ ઉનાળાની આખરી સીઝનમાં પાણીની ભયંકર કટોકટી સર્જાઈ છે. ગામના મુખ્ય જળસ્ત્રોતો સુકાઈ જતાં સ્થાનિક લોકોમાં પાણી માટે ત્રાહિમામ પોકાર જોવા મળી રહ્યો છે. વડિયા ગામના સરપંચે ગામની આ સળગતી સમસ્યા રજૂ કરી સરકાર સમક્ષ તાકીદે પગલાં લેવાની માંગ કરી છે.

સ્થાનિક સરપંચના જણાવ્યા અનુસાર વડિયા ગામની જીવાદોરી સમાન 'સુરવો ડેમ' હાલ સંપૂર્ણપણે ખાલીખમ કરવાની ફરજ પડી હતી ડેમના ગેઈટના મેન્ટનેસને લઈને ડેમના પાણીને છોડીને દેવાયું

અનુસંધાન પાના ૬ ઉપર

## ૨ વ્યકિતઓ ઉનાથી રાજુલા તરફ જતાં હોય

# રાજુલાનાં કાગવદર ગામે ડબલ સવારી બાઈક આડે ગાય આવી ચડતા અકસ્માત

**બાઈકમાં પાછળ સવાર વ્યકિત અને ગાયનું મોત થયુ**

અમરેલી, તા. ૨૭

રાજુલા ગામે રહેતા વાહનચાલક મરણ જનાર આરોપી રામભાઈ તથા કરણભાઈ હકાભાઈ સોલંકી એમ બંને મોટરસાયકલ નં.

અનુસંધાન પાના ૬ ઉપર

## ખાણી–પીણીની દુકાનધારકોનું જાહેર માર્ગ પર દબાણ જોવા મળી રહ્યું છે

# અમરેલીનાં જુના માર્કેટયાર્ડ માર્ગ ઉપર અવારનવાર ટ્રાફિકજામ થતાં દબાણો દૂર કરવાની માંગ ઉભી થઈ

**ક્યારેક એમ્બ્યુલન્સ જેવા વાહનો પણ ટ્રાફિકમાં અટવાતાં હોવાની ફરિયાદ**



અમરેલી, તા. ૨૭

અમરેલી પાલિકા અને સ્થાનિક પોલીસ દ્વારા શહેરમાં વ્યાપક પ્રમાણમાં દબાણ હટાવ ઝૂંબેશ શરૂ કરવામાં આવી હોય તે સમયે જુના માર્કેટયાર્ડ માર્ગ ઉપર રેંકડિઓ, કેબિનોનું વ્યાપક દબાણ થવાથી અવારનવાર ટ્રાફિકજામનાં દ્રશ્યો સર્જાઈ રહ્યા છે. ક્યારેક એમ્બ્યુલન્સ જેવા વાહનો પણ ફસાઈ રહ્યા છે.

આ માર્ગમાં ખાણી–પીણીનાં અમુક વેપારીઓ દુકાનોની બહાર તેમનાં સ્ટોલ ઉભા કરીને ટેબલ–ખુરશી પણ માર્ગ પર પાથરી રહ્યા છે તો આડેધડ વાહન પાર્કિંગ હોવાથી ટ્રાફિક જામ થતો હોય પાલિકા અને પોલીસ વિભાગે સમગ્ર માર્ગ ઉપર ટ્રાફિકમાં નડતરરૂપ રેંકડિયો, બોર્ડ, સ્ટોલ સહિતનાં દબાણો દૂર કરવા જોઈએ તેવી માંગ ઉભી થઈ છે.

શહેરમાં શ્રેષ્ઠ, સ્વાદમાં સર્વશ્રેષ્ઠ એકમાત્ર સ્થળ
The King of catcring service
શ્યામ કેટરર્સ
અરજણભાઈ પટેલ મો. ૯૮૨૫૦ ૫૯૭૮૩
જયેન્દ્ર પટેલ મો. ૯૯૮૭૦ ૪૭૨૯૫
SHYAM Caterers
સ્પે. ગુજરાતી થાળી
શુધ્ધ ઘી માં તરબોળ ડ્રાયફ્રુટ ચુરમાનાં લાડુ
શીંગતેલમાં રજવાડી ઉંધીયુ
અમારી સ્પે.બે પડવાળી રોટલી
શ્યામ ડાઈનીંગ હોલ એ.સી.હોલ
પાર્સલ સુવિધા ઉપલબ્ધ MO.80000 86331
સ્થળ : એસ.ટી. ડેપો સામે, પહેલા માળે, અમરેલી-૩૬૫૬૦૧ ફોન : (૦૨૭૯૨) ૨૩૩૪૪૫

Krishna DINING HALL
ક્રિષ્ના ડાઈનીંગ હોલ
પહેલો માળ, હિરકબાગ શોપીંગ સેન્ટર, જુના માર્કેટીંગ યાર્ડ સામે, અમરેલી. - ૩૬૫૬૦૧ (ગુજ.)
ફોન નં. ૦૨૭૯૨ - ૨૩૩૪૪૬
હેડ ઓફિસ : ક્રિષ્ના કેટરર્સ, કેરીયા રોડ, ભોજલપરા, અમરેલી.
રમેશભાઈ આર. શિંગાળા ૯૮૨૫૫ ૪૬૯૦૨

Sheetal ICE CREAM
WE ARE HIRING
JOIN INDIA'S MOST TRUSTED FMCG BRAND
• Namkeen Sales HOD - 1 (1 to 3 Year experience in FMCG)
• Liaisonig Officer - 1
• Sales & Marketing Officer - 3 (Ice Cream / Milk / Snacks)
• Reporting Manager - 1
• Sales Co - Ordinator - 1
• Trainer - 1
Location : Amreli, Gujarat.
hrscpl1987@gmail.com
+91 95109 59957
APPLY NOW

Aikyam
એકયમ ન્યુરો સાઈકિયાટ્રી હોસ્પિટલ
ઈમરજન્સી સારવાર ૨૪ કલાક ઉપલબ્ધ..
ડૉ. વિવેક જોષી M.B.(Psy) D.P.M., F.I.P.S., M.I.A.P.P.
કન્સલ્ટીંગ ન્યુરો સાઈકિયાટ્રીસ્ટ
મગજ, માનસિક રોગો, જાતિય નબળાઈ તથા વ્યસન મુકિતનાં નિષ્ણાંત..
:: લક્ષણો ::
ઉદાસી રોગ
મરવાના વિચાર આવવા
વિચારવાયુ
વહેમ, શંકા
મંદબુધ્ધિ બાળકોની સારવાર
ચિંતા - ટેન્શન
માથાનો દુ:ખાવો
જાતિય રોગો
વ્યસનમુકિત : દારૂ, બીડી, તમાકુ, કાલા
સ્થળ : પરમ કોમ્પલેક્ષ, બીજા માળે, ICICI બેંક પાસે, બસ સ્ટેશન રોડ, અમરેલી.
Mo. 97370 28181 | Ph. 02792-224224
મગજના ગ્રાફ (E.E.G.) ની સુવિદા ઉપલબ્ધ...

LG Life's Good.
Explore the new range of Single Door Refrigerators
Nature Series
SPRING
224 L (D23)
210 L (D22)
Available in: Base Stand & Non-Base Stand
Color options: Wine Royal
LG BEST SHOP
મુકુંદરાય એન્ડ બ્રધર્સ
કારકેર સેન્ટર સામે, ચકકરગઢ રોડ, અમરેલી
Mo.94081 59606 / 99747 72377
VISIT LG BEST SHOP FOR ATTRACTIVE CASH BACK

*પીઆરબી એકટ હેઠળ સમાચાર સંપાદન માટે જવાબદાર Publisher, Owner & Editor : *Manoj H. Rupareliya, Printed at Aajkaal Pri. Press,Rajputpara B/h Shell petrol Pump, Rajkot, Place of Publication Amreli Express, Under Hariom guest house, AMRELI..(Gujarat)